Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૩ મું. | આત્મ સં. ૫૦ | સંવત ૨૦૦૨.
અંક ૮ મો. | ફાગણ : માર્ચ.
તા. ૧૦-૩-૧૯૪૬.

વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—
—: શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર :—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા.


| | | | |
|---|---|---|---|
| ૧ | ઉપદેશકપદ ... ... ... | લે. મૂળચંદ આશારામ ઝવેરી | ૧૨૯ |
| ૨ | વિચારશ્રેણી ... ... ... | લે. આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ | ૧૩૦ |
| ૩ | કવિ કેમ થવાય ? ... ... ... | લે. મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ | ૧૩૧ |
| ૪ | નય–પ્રમાણુ–સ્યાદ્વાદ વચ્ચેનો સંબંધ અને અંતર | લે. મુનિશ્રી પુણ્યવિજયજી (સંવિજ્ઞપાક્ષિક) | ૧૩૩ |
| ૫ | કલિકાલ સર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની જીવન ઝરમર | લે. મુનિશ્રી ન્યાયવિજયજી | ૧૩૫ |
| ૬ | શ્રી પ્રભુ મહાવીરે પ્રરૂપેલ ધર્મસર્વદેશીયતા | લે. રા. જીવરાજભાઇ ઓધવજી દોશી | ૧૩૭ |
| ૭ | મરણ ભય શા માટે ? ... ... | લે. વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ | ૧૩૯ |
| ૮ | શ્રીમાન્ યશોવિજયજી ... ... | લે. ડૉ. ભગવાનદાસ મનઃસુખલાલ મહેતા | ૧૪૧ |
| ૯ | આપણું કલ્યાણ ... ... ... | લે. " અભ્યાસી " | ૧૪૩ |
| ૧૦ | વર્તમાન સમાચાર ... ... ... | ... સભા | ૧૪૭ |
| ૧૧ | સ્વીકાર–સમાલોચના ... ... | ... સભા | ૧૪૭ |
| ૧૨ | શ્રી પદ્મપ્રભજિન સ્તવના ... ... | લે. મુનિશ્રી લક્ષ્મીસાગરજી પદ્મ | ૧૪૮ |


## નવા થયેલા માનવંતા સભાસદો.

૧ શેઠ સાહેબ કાન્તિલાલ જં. શાહ. મુંબઇ પેટ્રન ( પરિચય હવે પછી )
૨ શેઠ લાલભાઇ અંબાલાલ (૧) અમદાવાદ
૩ શાહ જેઠાલાલ ભગવાનદાસ (૨) ભાવનગર
૪ મહેતા બાબુલાલ ભગવાનજી (૨) દાદર

## અમારું સાહિત્ય પ્રકાશન ખાતું ( પ્રેસમાં ).

શ્રી બૃહત્ કલ્પસૂત્ર છેલ્લો છઠ્ઠો ભાગ, શ્રી ત્રિષષ્ઠિ શ્લાકા પુરૂષ ચરિત્ર મૂળ તથા શ્રી સંઘપતિ ચરિત્ર, શ્રી પાર્શ્વ ચરિત્ર તથા શ્રી વસુદેવ હિંડી–ભાષાંતર અને શ્રી મહાવીરના સમયની મહાદેવીઓ છપાય છે, શ્રી વસુદેવ હિંડીમાં આર્થિક સ્હાયની જરૂર છે. શ્રી અજિતનાથ ચરિત્ર, શ્રી સંભવનાથ ચરિત્ર, શ્રી સુમતિનાથ ચરિત્ર, શ્રી શાંતિનાથ ચરિત્ર, શ્રી આદર્શ મહાન પુરૂષ શ્રી રામચંદ્રજીનું ચરિત્ર સચિત્ર પૂર્વાચાર્યકૃત વિસ્તારપૂર્વક, ગુજરાતી ભાષામાં, શ્રી આદિનાથ પ્રભુ જેવું સુંદર વિવિધ રંગોથી સચિત્ર, છપાવવાના છે. કોઇ પુણ્ય પ્રભાવક જૈન બંધુઓની આર્થિક સહાય મળે છપાવવાનું કામ શરૂ થશે.

## જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય.

**( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય, ગુજરાત પુરાતત્ત્વ મંદિર )**

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ સાધ્વીઓ અને ગ્રહસ્થોના જીવનચરિત્ર સૌરભને પ્રસરાવનારા, પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રમાણિક ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. અનેક જૈન વિદ્વાનો પાસે સંપાદનકાર્ય કરવામાં આવેલ છે.

તેનો રચનાકાળ ચૌદમા સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી સાડાચાર સૈકાનો છે. પંદરમા સૈકા પછીના આચાર્યોએ ગુજરાતી ભાષામાં તે તે સમયમાં તે તે પ્રાન્તમાં ગ્રામ્ય ભાષા

( અનુસંધાન ટાઇટલ પાનું ૩ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર ...

વીર સં. ૨૪૭૨. ફાગણ પુસ્તક ૪૩ મું.
વિક્રમ સં. ૨૦૦૨. :: ઇ. સ. ૧૯૪૬-માર્ચ :: અંક ૮ મો.

## " તેને ધ્યાનચિંતન કયોં છોડ દીયા ? "

( લાલ રતન કયોં છોડ દીયા )—એ રાગમાં.

તેને ધ્યાનચિંતન કયોં છોડ દીયા.
પ્રભુ ધ્યાનચિંતન કયોં છોડ દીયા ?—તેને ધ્યાન૦

રાગ ન છોડા, રોષ ન છોડા,
સમ્યગ્ રતન કયોં છોડ દીયા ?—તેને ધ્યાન૦ ૧

જેહી સમરન સે સચ્ચે સુખ પાવત્,
વોહી સમરન કયોં છોડ દીયા ?—તેને ધ્યાન૦ ૨

સોને રૂપે કો તો ખૂબ સમાલા,
દાન ધરમ કયોં છોડ દીયા ?—તેને ધ્યાન૦ ૩

પૂરવ પશ્ચિમ ચૌ દિશ રખડે,
મૂળ વતન કયોં છોડ દીયા ?—તેને ધ્યાન૦ ૪

" વૈરાટી " પ્રભુ તેરે ચિંતન સે,
ભીતર ઉજાલા છોડ દીયા.
તેને ધ્યાનચિંતન કયોં છોડ દીયા ? ૫

ઝવેરીવાડ
વૈરાટીનીકેતન
અમદાવાદ.

ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિચારશ્રેણી.

લેખક—આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

માણસને જીવવાને અન્ન તથા આરોગ્યતા આ બેની તો અત્યંત આવશ્યકતા છે: મકાન અને વસ્ત્રની પણ કાંઈક જરૂરત રહે છે, છતાં જો તે બે વસ્તુ ન મળે તો પણ જીવી શકે છે. બાકી તો વિષયો જેવી કોઈપણ વસ્તુની જરૂરત માનવજીવનમાં જીવવાને પડતી નથી, વિષયપોષક સાધન વગર માણસ જીવી શકે છે.

શરીરના વિકારો માનવી માત્રને અણગમો ઉત્પન્ન કરે છે અને તેને કાઢવાને માનવી અનેક પ્રકારના ઉપચારો કરે છે; પણ માનસિક વિકારોથી તો કોઈને પણ અણગમો થતો નથી; તેમજ તેને કાઢવાને કોઈપણ પ્રયાસ કરતું નથી. ઊલટા વિકારો પોષવા તેવા સાધન તથા સંયોગને ખોળે છે. કદાચ અનુકૂળતા મળવાથી વિકારોને પુષ્ટિ મળે છે તો અત્યંત રાજી થાય છે એ જ આત્મિક ગુણવિનાશનું લક્ષણ છે; કારણ કે વિકારોનો વિકાસજ આત્મિક ગુણનો વિનાશક છે માટે જ વિકારપોષક સાધનોથી મહાપુરુષો મુક્ત હોય છે.

બીજાની કૃપા તથા સ્નેહની ચાહના સહુ કોઈને રહે છે; કારણ કે તેઓ પ્રશંસા તથા ક્ષુદ્ર વાસનાના લોભી હોય છે એટલે ધનથી તથા ખુશામદથી બીજાને પ્રસન્ન રાખે છે જેથી કરી બીજાઓ તેના ઉપર મહેરબાનીથી તથા સ્નેહથી તેવા અછતા પણ ગુણો ગાય છે જેને સાંભળીને પોતે રાજી થાય છે એ જ મોટી અજ્ઞાનતા છે.

દુનિયામાં કહેવાતા વિદ્વાનોની પ્રશંસા સાંભળીને ફૂલાય તે તો કાંઈ દુનિયાને ગમે પણ મૂર્ખાઓની પ્રશંસા સાંભળીને ગર્વીષ્ઠ બનનારાઓને તો ડાહી દુનિયા મૂર્ખાઓના સરદાર જ માને છે.

જાણો, પુષ્કળ જાણો, જાણવું તે તમારો ધર્મ છે; પણ એવું ન જાણશો કે જેથી તમારું અકલ્યાણ થાય.

સર્વથા ભાવશૂન્ય કેવળ બહારનો વ્યવહાર લોઢાના કડાને સોનાનો ઢોળ ચઢાવવા જેવો છે. પરિણામે લોઢાની કિંમત ઉપજે પણ સોનાની ન મળે. ગમાર ભલે સોનાની કિંમત આપી ખરીદે પણ સરાફ તો કસીને, કાપીને અને દેવતામાં નાંખીને પરીક્ષા કરી લોઢાની જ કિંમત આંકે.

આત્માનો અપકાર કરીને પરોપકાર થઈ શકતો જ નથી. જો આત્માનો અપકાર કરીને પણ પરોપકાર કરવાની માન્યતા હોય તો તે ક્ષુદ્ર સ્વાર્થગર્ભિત મિથ્યા ભ્રમણા જ છે.

અજ્ઞાની જનતામાં નિરપરાધી બનવા પ્રભુની દૃષ્ટિમાં સાપરાધી બનવું તે આત્માની અધોગતિનું લક્ષણ છે.

અજ્ઞાની જનતાના આદરથી પોતાને કૃતકૃત્ય માનનાર પ્રભુનો માર્ગ ભૂલે છે.

રાગ-દ્વેષમાં રસ પડતો હોય તો વીતરાગ બનવાની હોંશ રાખશો નહીં.

વીતરાગની સંમતિ બતાવી કષાય-વિષયને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કવિ કેમ થવાય ?

લેખક—**મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ.**

( ગતાંક પૃષ્ઠ ૪૧ થી શરૂ )

કવિ થવાનો ત્રીજો પ્રકાર લૌકિક સાધનો છે. બાહ્ય પ્રયત્નોથી–વ્યવહારમાં ઉપયોગમાં લેવાતાં અધ્યયનના ઉપાયોથી કવિત્વ શક્તિ મેળવી શકાય છે. કવિત્વ શક્તિમાં ઉપયોગી બાહ્ય સાધનો નીચે પ્રમાણે છે.

(૧) **વ્યાકરણનું અધ્યયન**—જેને જે ભાષામાં કવિતાશક્તિ ખીલવવાની અભિલાષા હોય તેને તે ભાષા ઉપર પ્રભુત્વ મેળવવાની પ્રથમ આવશ્યકતા રહે છે. તે તે ભાષા પર કાબૂ અને ભાષાશુદ્ધિનો સમ્પૂર્ણ આધાર **વ્યાકરણ** પર છે. કવિત્વ કેળવવા માટે વ્યાકરણનું અધ્યયન સૌથી પ્રથમ જરૂરી છે. કેટલાએ સુન્દર કાવ્યો વ્યાકરણના દૂષણોને કારણે મલિન પાટિયા પર ચિત્રેલ મનોહર ચિત્રની જેમ આકર્ષણ કરી શકતા નથી. જેટલે અંશે વ્યાકરણભૂમિકા શુદ્ધ તેટલે અંશે કાવ્યચિત્ર દીપે છે. કાવ્યપ્રાસાદનો પાયો વ્યાકરણ છે. કાવ્યવૃક્ષમાં વ્યાકરણ બીજ છે.

(૨) **શબ્દકોષનું જ્ઞાન**—જુદા જુદા ભાવો, ભિન્નભિન્ન કલ્પનાઓ, વિધવિધ વર્ણનો કાવ્યમાં–શબ્દમાં ગુંથવા માટે શબ્દભંડાર ભરપૂર હોવો જોઇએ. અધૂરાં ને અપૂર્ણ શબ્દકોષના સ્વામી કાવ્ય કરતાં અવસરે અટકી રહે છે. તેમનાં આદર્યાં અધૂરા રહે છે–જેમ ઓછી મૂડીવાળો લાંબો વેપાર કરતાં અટકે કે નુકશાનીમાં ઉતરે તેમ. કાવ્યના ખંડ ખંડ–કટકા કટકા–બનાવી જોડેલા કાવ્યો જોતાવેંત જ થીગડા દીધેલા વસ્ત્રની જેવા લાગે છે. જે કાવ્યમાં શોધી શોધીને શબ્દો ગોઠવ્યા હોય છે તેમાં કૃત્રિમતા જણાય છે. તેમાં સ્વાભા-

---

પોષનાર વીતરાગને રાગી–દ્વેષી બનાવી, તેમને હલકા પાડવાનું કલંક માથે વહોરે છે, કારણ કે વીતરાગની વાણી તથા વર્તનમાં કષાય-વિષયનો અંશ પણ હોતો નથી.

વિષયાસક્તિ સિવાય રાગ–દ્વેષનો આદર થઈ શકતો જ નથી; કારણ કે રાગ–દ્વેષ જ વિષયાસક્તિનું કારણ છે.

છતા–અછતા અવગુણો સાંભળીને કે જોઇને ઉપેક્ષા અથવા તો સમભાવ રાખવો તે સમજુ–ડાહ્યા જ્ઞાની પુરુષોનું લક્ષણ છે, અને અણગમો કે તિરસ્કાર થવો તે અજ્ઞાની–મૂઢ જીવોનું લક્ષણ છે.

તીવ્ર રુચિ અને ઇચ્છાપૂર્વક અવગુણોનો આદર કરીને માનેલું સુખ, શાંતિ તથા આનંદ મેળવવો અને જનતામાં તેનો અનાદર બતાવી તિરસ્કાર કરવો તે એક પ્રકારની કૃતઘ્નતા જ કહી શકાય.

માનવીને અવગુણી કહેવડાવવું પસંદ નથી છતાં અવગુણનો આશ્રય છોડવો ગમતો નથી.

નિરપરાધી તથા ગુણી કહેવડાવવા અજ્ઞાની વિષયાસક્ત માનવીની ખુશામદ કરી જેટલી તાબેદારી ઉઠાવવી પડે છે તેટલી જો પ્રભુની ઉઠાવવામાં આવે તો સાચા નિરપરાધી બની આત્મિક ગુણ મેળવી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકતા–નૈસર્ગિકપણું અનુભવાતું નથી. તેવા કાવ્યો રોચકતા ઉત્પન્ન કરી શકતા નથી. વિશિષ્ટ કવિ પાસે શબ્દસમૃદ્ધિ એટલી વિશાળ હોય કે જ્યારે તે કાવ્ય રચે ત્યારે તેની દૃષ્ટિ સમક્ષ વિચારણાને અનુરૂપ સેંકડો શબ્દો હાજર થાય. જાણે કે શબ્દો કહેતાં હોય કે અહિં અમને ગોઠવો, તેમાંથી ભાવ અને રચનાને વિશેષ અનુકૂળ જે શબ્દ હોય તેને જ કવિરાજ પસંદ કરે ને સ્થાન આપે. નામધારી કવિઓ પાસે તદ્દન સાધારણ શબ્દભૂડી હોય છે. કવિતાની એક લીટી પણ તેઓ મહામહેનતે જુદા જુદા શબ્દો ભેગા કરી, વીશ પચ્ચીશ વખત લખી ભૂંસીને તૈયાર કરે છે. જાણે કે કવિતા કરતી વખતે જ સંપ કરી બધા શબ્દો તેની પાસેથી રીસાઇને ચાલ્યા ગયા હોય! તેની પાસે જ ન આવતા હોય! માટે કવિ બનનારે શબ્દકોષનું જ્ઞાન સારી રીતે મેળવવું અત્યન્ત જરૂરી છે.

(૩) **છન્દઃશાસ્ત્રનો અભ્યાસ**—કાવ્યકવિતા બનાવવાને છન્દઃ એ પ્રધાન અંગ છે. છન્દોજ્ઞાન વગરના પદ્યો પાંગળા છે. છન્દઃ-શાસ્ત્રનો ઊંડો અભ્યાસ પદ્યને સુઘટિત અને આકર્ષક બનાવે છે. અમુક રસની ખીલવણી અમુક છન્દમાં જ થાય. અમુક ભાવને અમુક છન્દ જ અનુકૂળ આવે એ સર્વ છન્દઃશાસ્ત્ર સમજાવે છે. લલિતવૃત્ત વગેરે વૃત્તો કરુણ રસને પુષ્ટ કરે છે. વીર રસનો ઊઠાવ શાર્દૂલવિક્રીડિત વગેરે છન્દોમાં થાય છે ઇત્યાદિ સમજ છન્દઃશાસ્ત્ર સિવાય નથી પડતી ને એ સમજ સિવાય વીરરસનું વર્ણન લલિત વૃત્તમાં અને કરુણતાનો ચિતાર શાર્દૂલમાં કરાય તો પગનું આભૂષણ કંઠમાં અને કંઠનું પગમાં પહેરવાથી જેટલું કઢંગું દેખાય તેટલું જ અસમ્બદ્ધ દેખાય છે; માટે કવિતાને સુન્દર બનાવવા માટે છન્દઃશાસ્ત્રનો સારો પરિચય મેળવવો આવશ્યક છે.

(૪) **કાવ્ય ગ્રન્થોનું વાચન**—વિશિષ્ટ કવિત્વ મેળવવા માટે પૂર્વના વિશિષ્ટ કવિઓના કાવ્યોનું વાચન જરૂરી છે. પ્રસિદ્ધ કવિઓના કાવ્યો વાંચવાથી કલ્પનાશક્તિ ઉત્તેજિત બને છે, જુદી જુદી શૈલીનો પરિચય મળે છે, અનુભવજ્ઞાન વધે છે.

મુખ્યત્વે આ ઉપર દર્શાવ્યા તે ચાર અને તેવા બીજા લૌકિક પ્રયત્નોથી કવિત્વશક્તિનો આવિર્ભાવ થાય છે.

પ્રયત્નોથી થતો શક્તિનો આવિર્ભાવ અધિકારી પરત્વે ભિન્નભિન્ન પ્રકારનો નીવડે છે. ને તે પણ કેટલાએકને શીઘ્ર, કેટલાએકને મધ્યમ કાળે અને કેટલાએકને તો ઘણે લામ્બે સમયે થાય છે. એવા અનેક પ્રકારના અધિકારીઓના મુખ્યત્વે ત્રણ વિભાગ છે. ઉત્તમ, મધ્યમ અને અધમ.

(૧) **પ્રયત્નથી નીપજતાં ઉત્તમ કવિઓ**—જેની પ્રતિભા ઉત્તમ છે. જે એક પ્રસંગ ઉપરથી બીજા અનેક સમાન પ્રસંગોને સમજી શકે છે. એક કલ્પના સમજી બીજી કલ્પનાઓ કરી શકે છે. જેનામાં બળવાન્ તીવ્ર કાવ્યરુચિ છે, જે ગુરુનો વિનય કરવામાં તત્પર રહે છે તેના પ્રત્યે ગુરુ થોડો પ્રયત્ન કરે તો પણ અલ્પકાળમાં તેનામાં કવિત્વશક્તિ ખીલી નિકળે છે. થોડો માર્ગ બતાવ્યા બાદ પાદપૂર્તિ કરવી, કલ્પનાભરેલા વિવિધ સ્વતન્ત્ર કાવ્યો રચવા વગેરેમાં તે આગળ વધે છે. વિશિષ્ટ કવિ તરીકેની ખ્યાતિ સ્વલ્પસમયમાં તે મેળવે છે.

પાદપૂર્તિ તરીકે જેમકે–'**પુણ્યોદયે કલુષ કલ્મષ નાશ પામે**' એવા એક ચરણની પૂર્તિ નીચે પ્રમાણે કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નય-પ્રમાણ-સ્યાદ્વાદ વચ્ચેનો સંબંધ અને અંતર

લેખકઃ—મુનિશ્રી પુણ્યવિજયજી ( સંવિજ્ઞપાક્ષિક )

[ વર્ષો પૂર્વે પ્રગટ થતાં જૈન સાહિત્ય-સંશોધકના ત્રીજા ખંડના પ્રથમ અંકમાં પં. સુખલાલજીએ ન્યાયાવતારના બે પદ્યોનું પ્રશ્નોત્તરપૂર્વક વિશદ સ્પષ્ટીકરણ કરેલું. જેના વિષે બહુ થોડા જ્ઞાત હશે. સદર લેખ અતીવ સમજવા યોગ્ય ઉપયોગી જણાયાથી અત્ર તેનો અક્ષરશઃ ઉતારો આપવામાં આવ્યો છે. ફેર માત્ર ત્યાં બે પદ્યો અનંતર છે, જ્યારે અત્ર તે છૂટા કરી મૂકવામાં આવ્યા છે. ત્રિમાસિકના વિદ્વાન્ સંપાદકે આના સંબંધમાં એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે—" જે સ્પષ્ટીકરણ શ્લોક ૨૯–૩૦ ના વિવેચનમાં કરવામાં આવ્યું છે તે તો અમારા અભિપ્રાય પ્રમાણે અદ્વિતીય અને અનન્યજ્ઞાત જેવું છે." આ ઉપરથી પ્રસ્તુત લેખની મહત્ત્વતા આ વિષયના જ્ઞાતા વિદ્વાન્ મહાશયોને જણાઇ આવશે. પુણ્યવિજયજી–સંવિજ્ઞપાક્ષિક. ]

**अनेकान्तात्मकं वस्तु, गोचरः सर्वसंविदाम् ।**
**एकदेशविशिष्टोऽर्थो, नयस्य विषयो मतः ॥२९॥**

( ન્યાયાવતાર )

---

પૂર્ણ પ્રબોધ પ્રકટે પ્રમીલા પલાય,
ચન્દ્રોદયે સકલ તાપ પ્રશાન્ત થાય;
સૂર્યોદયે તિમિર જોર વિનાશ પામે.
**પુણ્યોદયે કલુષ કલ્મષ નાશ પામે** ॥૧॥

(વસંતતિલકા)

એ પ્રમાણે જુદી જુદી રીતે પાદપૂર્તિઓ બનાવતા વિશિષ્ટ શક્તિ ખીલે છે. પાદપૂર્તિ કરવામાં અતિશય કુશલ સિદ્ધહસ્ત કવિ મહામહોપાધ્યાય શ્રી મેઘવિજયજી ગણી સત્તરમી શતાબ્દિમાં થયા છે. તેઓશ્રીએ કવિ કાલિદાસના મેઘદૂતની, માઘકવિના શિશુપાલ વધની, શ્રી હર્ષના નૈષધની એમ અનેક કાવ્યોની પાદપૂર્તિ કરી અનેક વિશિષ્ટ કાવ્યોનું સર્જન કરેલ છે. પાદપૂર્તિ કરવામાં તેઓશ્રીનું અજોડ સ્થાન છે.

**સ્વતન્ત્ર કાવ્યની રચના**—જે કાવ્ય વાંચતાની સાથે હૃદયમાં રમી રહે, જેના ભાવો ભૂલ્યા ભૂલાય નહિ એવી કૃતિઓ પણ વિશિષ્ટ કવિઓ શરુઆતથી જ કરે છે. ભકિતરસથી આત્માને રંગી દેતા કાવ્યની નૈસર્ગિક કૃતિના નમૂના આ પ્રમાણે છે.

"દેખી મૂર્તિ અજિત જિનની નેત્ર મારાં ઠરે છે,
ને આ હૈયું ફરી ફરી પ્રભુ ધ્યાન તેનું ધરે છે;
આત્મા મારો પ્રભુ તુજ કને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે"

(મંદાક્રાન્તા)

પ્રભાત વર્ણન કરતાં બોટાદકર પણ સ્વતન્ત્ર કાવ્યોમાં ઉદાત્ત કલ્પના ને ભાવો ગૂંથે છે, તેનું એકાદ ઉદાહરણ જુઓ—

"કોટિ દીપતણા પ્રકાશબળથી,
તારાતણા તેજથી,
સ્વર્ગંગાતણી શુભ્રતાથકી અને,
નક્ષત્રના નાથથી;
જે ન ધ્વાન્ત થતું પ્રશાન્ત ઘડીએ,
તે કે'વું પ્રાતઃસમે,
આ જો આગમ સાંભળી રવિતણું,
સંત્રસ્ત સે'જે શમે. ॥

(શાર્દૂલ)

એ પ્રમાણે પ્રયત્નથી પ્રસિદ્ધ પ્રથમ કોટિના કવિઓ નીપજે છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થાત્—"અનેક ધર્માત્મક વસ્તુ એ સર્વ સંવેદનનો-પ્રમાણનો વિષય મનાય છે અને એક દેશ-અંશ સહિત વસ્તુ એ નયનો વિષય મનાય છે. ૨૯.

**પ્ર૦** પ્રમાણનો વિષય થનારી વસ્તુઓ કરતાં નયનો વિષય થનારી વસ્તુઓ શું તદ્દન જુદી હોય છે, કે જેથી પ્રમાણ અને નયના વિષયને તદ્દન જુદો જુદો બતાવી શકાય?

**ઉ૦** ના, એક બીજાથી જુદા એવા વસ્તુઓના કોઇ બે વિભાગ નથી કે જેમાંથી એક વિભાગ પ્રમાણનો વિષય બને અને બીજો વિભાગ નયનો વિષય બને.

**પ્ર૦** જો પ્રમાણ અને નયનો વિષય થનાર વસ્તુ એક જ હોય તો પછી બન્નેનો વિષય-ભેદ કેવી રીતે?

**ઉ૦** વસ્તુ ભલે એક જ હોય પણ જ્યારે તે વસ્તુ અમુક વિશેષતાદ્વારા અર્થાત્ અમુક વિશેષ ધર્મોની પ્રધાનતા છતાં અખંડિતપણે ભાસે છે ત્યારે તે અનેક ધર્માત્મક વિષય કહેવાય છે; પરંતુ જ્યારે તે જ વસ્તુમાંથી કોઇ એક અંશ છૂટો પડી પ્રધાનપણે ભાસે છે ત્યારે તે એક અંશ-વિશિષ્ટ વિષય કહેવાય છે. આ વાત દાખલાથી સ્પષ્ટ કરીએ. આંખ સામે કોઇ એક ઘોડો આવે ત્યારે અમુક આકાર, અમુક કદ અને અમુક રંગ એ એની વિશેષતાઓ પ્રધાનપણે ભાસે છે. પણ તે વખતે એ વિશેષતાઓની પ્રધાનતા છતાં અભિન્નરૂપે અન્ય વિશેષતાઓ સહિત સમગ્ર ઘોડો જ ચાક્ષુષજ્ઞાનનો વિષય બને છે. તે વખતે કાંઈ તેની અમુક વિશેષતાઓ બીજી વિશેષતાઓ કરતાં છૂટી પડી ભાસતી નથી કે ઘોડારૂપ અખંડ પદાર્થમાંથી આકારાદિ તેની વિશેષતાઓ પણ તદ્દન ભિન્નપણે ભાસતી નથી. માત્ર અમુક વિશેષતાઓદ્વારા તે આખો ઘોડો જ અખંડપણે આંખનો વિષય બને છે. એ જ પ્રમાણનો વિષય થવાની રીત છે. પ્રમાણના વિષય થયેલ એ ઘોડાનું જ્ઞાન જ્યારે બીજાને શબ્દદ્વારા કરાવવું હોય ત્યારે તે ઘોડાની અમુક વિશેષતાઓ બીજી વિશેષતાઓ કરતાં બુદ્ધિદ્વારા છૂટી પાડી વક્તા કહે છે કે-આ ઘોડો લાલ છે, ઊંચો છે કે અમુક આકારનો છે. તે વખતે વક્તાના બૌદ્ધિક વ્યાપારમાં કે શ્રોતાની જ્ઞાનક્રિયામાં ઘોડો ભાસમાન છતાં તે માત્ર ગૌણ હોય છે, અને તેની વિશેષતાઓ જે બીજી વિશેષતાઓ કરતાં જુદી પાડી કહેવામાં આવે છે, તે જ મુખ્ય હોય છે. તેથી જ એ વખતે જ્ઞાનનો વિષય બનતો ઘોડો અમુક અંશ વિશિષ્ટ વિષય બને છે. એ જ વિનયનો પય થવાની રીત છે.

આ વક્તવ્યને બીજા શબ્દોમાં-ટૂંકમાં એ રીતે પણ કહી શકાય કે—ભાનમાં અમુક વિશેષતાઓ છતાં પ્રધાનતા છતાં જ્યારે ઉદ્દેશ્ય અને વિધેયના વિભાગ સિવાયજ વસ્તુ ભાસમાન થાય ત્યારે તે પ્રમાણનો વિષય અને જ્યારે વસ્તુ ઉદ્દેશ્ય-વિધેયના વિભાગપૂર્વક ભાસમાન થાય ત્યારે તે નયનો વિષય. આ રીતે વસ્તુ એક જ છતાં તેના ભાનની રીત જુદી જુદી હોવાથી પ્રમાણ અને નયમાં તેનો વિષયભેદ સ્પષ્ટ છે.

**પ્ર૦** પ્રમાણની પેઠે નય પણ જો જ્ઞાન જ હોય તો બેમાં તફાવત શો?

**ઉ૦** ઇન્દ્રિયોની મદદથી કે મદદ સિવાયજ ઉત્પન્ન થયેલું જ્ઞાન જ્યારે કોઇ વસ્તુને યથાર્થપણે પ્રકાશિત કરે છે ત્યારે તે પ્રમાણ કહેવાય છે અને પ્રમાણદ્વારા પ્રકાશિત થયેલી વસ્તુને શબ્દદ્વારા બીજાને જણાવવા માટે તે વસ્તુના વિષયમાં જે માનસિક વિચારક્રિયા થાય છે તે નય. અર્થાત્ શબ્દમાં ઉતારાતી કે ઉતારવા લાયક જે (વચન) ક્રિયા તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની

# જીવન ઝરમર.

લેખક:—મુનિશ્રી ન્યાયવિજયજી.

( ગતાંક પૃષ્ઠ ૭૮ થી શરૂ. )

હવે ગુરૂમહારાજ આ બાલ મુનિપુંગવમાં આચાર્યપદની યોગ્યતા નિહાળી ૧૧૬૬ ના અક્ષય *તૃતીયાના અક્ષય દિવસે બાલ મુનીશ્વરને આચાર્યપદથી અલંકૃત કરી એમને જૈન શાસનની અક્ષય સેવા કરવાનો અપૂર્વ અવસર આપે છે. સોમચંદ્ર મુનિ મટી આચાર્ય થયા. જૈન શાસનના બેતાજ બાદશાહ [1]બન્યા.

૪

## પ્રતિબોધ.

આ વખતે ગુજરાતમાં મહાપ્રતાપી સિદ્ધરાજ જયસિંહનું સામ્રાજ્ય હતું. સિદ્ધરાજ જયસિંહ વિદ્યાનુરાગી હતા, અને પંડિતોને સારું સત્કાર

*આ. શ્રી જયસિંહસૂરિજીકૃત કુમારપાલ ચરિત્રમાં આચાર્ય પદવી માટેની તિથી મહાશુદિ બીજ અને ગુરૂવાર આપેલ છે. ૧૧૬૨ માં આચાર્ય પદવી થઈ એવો ઉલ્લેખ પણ મલે છે. આવી જ રીતે બીજા બીજા ગ્રંથોમાં જેમકે દીક્ષાના સંવતનાં પણ ફેર જણાઇ આવે છે, દીક્ષા ૧૧૫૦ માં થઇ છે એમ કેટલે સ્થળે ઉલ્લેખ મલે છે તેમજ કેટલે સ્થળે ૧૧૫૪ માં દીક્ષા થઇ એમ પણ મલે છે.

૧ પ્રભાવક ચરિત્રમાં ઉલ્લેખ મળે છે કે આ આચાર્ય પદવીને દિવસે જ તેમનાં માતા પાહીનીદેવી દીક્ષા સ્વીકારે છે, એટલું જ નહિ કિન્તુ હેમચંદ્રસૂરિજી ગુરૂજીને વિનંતિ કરી **પ્રવર્તિની** પદ અપાવે છે અને શ્રી સંઘ સમક્ષ સિંહાસન પર બેસવાની રજા અપાવે છે.

---

નય અને એનો પુરોગામી ( જ્ઞાન )-વ્યાપાર તે પ્રમાણ. આ ઉપરાંત નય અને પ્રમાણનું અંતર એક એ છે કે નયજ્ઞાન તે પ્રમાણજ્ઞાનના અંશરૂપે છે અને પ્રમાણજ્ઞાન તે નયજ્ઞાનના અંશી કે સમૂહરૂપે છે, કારણ કે પ્રમાણ વ્યાપારમાંથી જ નયવ્યાપારની ધારાઓ પ્રગટે છે.

**પ્ર૦** પ્રમાણ અને નય શબ્દની વ્યુત્પત્તિ બતાવી તેનો અર્થભેદ સ્પષ્ટ કરો.

**ઉ૦** પ્ર + માન = ( જે જ્ઞાનવડે પ્ર-અભ્રાન્તપણે વસ્તુનું માન પ્રકાશન ( નિર્ણય ) થાય તે ) પ્રમાણ. ની + અ ( ની-પ્રમાણદ્વારા જાણેલી વસ્તુને બીજાની અર્થાત્ શ્રોતાની બુદ્ધિમાં પહોંચાડવાની ક્રિયા. અ-કરનાર વક્તાનો માનસિક વ્યાપાર તે ) નય.

**પ્ર૦** જૈન ન્યાય ગ્રન્થોની જેમ જૈનેતર ન્યાય ગ્રન્થોમાં નય વિષે મીમાંસા છે કે નહિ ?

**ઉ૦** નથી. જો કે જૈન અને જૈનેતર બન્નેના તર્કગ્રન્થોમાં મીમાંસા છે છતાં નયને પ્રમાણથી છૂટો પાડી તેના ઉપર સ્પષ્ટ અને વિસ્તૃત મીમાંસા તો માત્ર જૈનોએ જ કરી છે.

આ રીતે નય અને પ્રમાણના વિષય ઉપર પ્રકાશ પાડનારા રહે માં પદ્યનું સ્પષ્ટીકરણ છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સન્માન આપતો હતો. શ્રી હેમચંદ્રસૂરિજી ખંભાતથી વિહાર કરી પાટણ પધાર્યા છે. એક વાર સૂરિજી મહારાજ બહાર જતા હતા અને સિદ્ધરાજ જયસિંહ રથવાડીએ નીકળ્યો હતો, ત્યાં શ્રી હેમચંદ્રસૂરિજી બજારમાં એક બાજુ ઊભા રહ્યા. સિદ્ધરાજની નજર શ્રી હેમચંદ્રસૂરિજી ઉપર પડી. યુવાન, બ્રહ્મતેજ, જ્ઞાનતેજ અને સંયમતેજથી દીપતા આ રૂપાળા જૈનાચાર્યને એણે પ્રેમથી પૂછયું: આપને શું જોઇએ છે ? શ્રી હેમચંદ્રાચાર્યજીએ વિના સંકોચે કહ્યું, "હે સિદ્ધરાજ, શંકા વિના ગજરાજને આગળ ચલાવ, દિગ્ગજો ભલે ત્રાસ પામે પણ તેથી શું ? કારણ કે પૃથ્વીને તો તુંજ ધારણ કરી રહ્યો છે." (પ્રભાવક ચરિત્ર).

સિદ્ધરાજને આ વચનો અમૃત જેવાં મીઠાં મધુર લાગ્યાં. એને એમ થયું, આ અમૃતવાણી હું સદાયે પીધા જ કરૂં. તે જ વખતે એણે આ પ્રભાવિક સૂરિજી મહારાજને વિનમ્રભાવે વિનંતિ કરી. આપ રાજ દરબારમાં મધ્યાહ્ન સમયે **"મને પ્રમોદ પમાડવા આવજો."**

આ પછી સિદ્ધરાજ માલવ પ્રદેશ ઉપર ચઢાઇ લઇ જાય છે. ત્યાંથી જીતીને પાછા આવ્યા પછી રાજદરબારમાં શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ પધાર્યા છે અને એ જ મીઠી મધુરી વાણીથી અમૃત વર્ષાવતાં એ સૂરિજી મહારાજે કહ્યું, "હે કામધેનુ ! તું તારા ગોમય રસથી ભૂમિને લીંપી કહાડ, હે રત્નાકર ! તું મોતીયોથી સ્વસ્તિક પૂરી દે, હે ચંદ્રમા ! તું પૂર્ણ કુંભ બની જા, હે દિગ્ગજોત્તમ ! પોતાના કર–સૂંઢ સીધા કરી કલ્પવૃક્ષના પત્રો લઇને તોરણો બનાવો, કારણ કે, સિદ્ધરાજ પૃથ્વીને જીતીને આવે છે." રૂપાની ઘંટડી જેવા મીઠા અવાજથી ગુંજતી આ અમૃતવાણી સાંભળી આખી રાજસભા, વિદ્વદ્‌વૃન્દ અને ખુદ મહારાજા પણ ચમકયા. બધાને એમ થયું, **કોડ્યં** સિદ્ધરાજે આ સૂરિપુંગવમાં સામર્થ્ય, પ્રભા, પ્રતિભા અને મેધાના વિદ્યુત્ ચમકારા જોયા, એ અંજાયો અને સૂરિજીને રોજ રાજસભામાં પધારવા સાદર સપ્રેમ નિમંત્રણ આપ્યું.

પછી તો સિદ્ધરાજ જયસિંહની વિનંતિથી આચાર્યશ્રીએ **સિદ્ધહેમ** મહાવ્યાકરણ બનાવ્યું. રાજાએ હાથીની અંબાડી ઉપર એને ચઢાવી નગરમાં ઉત્સવપૂર્વક ફેરવી રાજભંડારમાં પધરાવ્યું. અને તેની સેંકડો, [1] હજારો નકલો કરાવી નૂતન વ્યાકરણનું પઠન પાઠન ચાલુ કરાવ્યું. પંડિતોની સભામાં વ્યાકરણની કસોટી થઇ. કાશ્મીરમાં સરસ્વતી દેવીએ પણ એને આશીર્વાદ આપી વિદ્વદ્‌માન્ય કરાવ્યું. ગુર્જર સામ્રાજ્ય **પંડિત** બન્યું. ગુજરાતના આ સપુતે ગુજરાતમાં વિદ્વાનો, પંડિતો પાકે છે એમ હિન્દભરમાં પ્રસિદ્ધ કરાવ્યું. હિન્દભરમાં આવા મહાવૈયાકરણી બીજા નથી પાકયા. શબ્દાનુશાસન, લિંગાનુશાસન, છંદોનુશાસન, કાવ્યાનુશાસન સ્વયમેવ બનાવ્યા. સિદ્ધહેમની લઘુટીકા, બૃહદ્ ટીકા, બૃહન્ન્યાસ પણ પોતે જ બનાવ્યા. વ્યાકરણના પઠન માટે એક મોટી સંસ્કૃત પાઠશાળા સ્થાપવામાં આવી. **'કાકલ'** નામના કાયસ્થ વિદ્વાનને એનો મુખ્ય અધ્યાપક બનાવ્યો.

એક જ વર્ષમાં સવાં લાખ * શ્લોકપ્રમાણ

---

૧ ત્રણસો લહીયાઓ પાસે ત્રણ વર્ષ સુધી એની નકલો કરાવવામાં આવી છે.

* આ મહા વ્યાકરણ નવું બનાવરાવવાનું ખાસ કારણ એ બન્યું કે જ્યારે મહારાજ સિદ્ધરાજ માલવાને જીતી ધારા નગરીમાં ગયો ત્યારે રાજાના સરસ્વતી ભંડારમાં **ભોજ વ્યાકરણ** જોયું તેમજ બીજા પણ સાહિત્ય અને અલંકારના ગ્રંથો જોયા. એને એ જ વખતે એમ થયું કે શક્તિ અને બલમાં ગુજરાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રભુ મહાવીરે પ્રરૂપેલ ધર્મની સર્વદેશીયતા.

## Universality of Lord Mahavir's Teaching.

શ્રી પ્રભુ મહાવીરે અધ્યાત્મવાદમાં અહિંસાનો અને જ્ઞાનવાદમાં અનેકાંતનો જે ધર્મ બતાવ્યો છે તે ધર્મ એક દેશ, એક કાળ, એક પ્રજા, એક જાત કે એક સંપ્રદાય માટે નથી, પણ સર્વ દેશ, સર્વ કાળ અને સર્વ પ્રજા માટે છે. તેમાં વર્ણનો કે જ્ઞાતિનો ભેદભાવ નથી. પ્રભુએ અહિંસાને બે પ્રકારે બતાવેલ છે. કોઇ પણ પ્રાણીનો વધ મન વચન કે કાયાથી ન થઇ જાય તેવી સતત જાગ્રતિ રાખવી એ એક અહિંસાનો નિષેધાત્મક ( nagative ) પ્રકાર છે. સર્વ પ્રાણીઓ તરફ મૈત્રીભાવ અને અનુકંપાભાવ રાખવો તે અહિંસાનો વિધિઆત્મક ( positive ) પ્રકાર છે.

પ્રભુનો ખરો ભક્ત બીજા મનુષ્ય તરફ અને કોઈ પણ પ્રાણી તરફ દ્વેષ કરશે નહિ. કોઇ તેને ઇજા કરે તો તેના તરફ તેને દયાભાવ આવશે. આ સંબંધમાં ચંડકોશીયા નાગનો પ્રસંગ શાસ્ત્રમાં જાણીતો છે. ક્ષમા આધ્યાત્મિક ગુણ છે, તેનો અર્થ ભીરુતા કે કાયરતા નથી. ક્ષમા ખરા વીરને શોભે છે. પ્રભુના ભક્તો ખરા

---

પંચાંગપૂર્ણ વ્યાકરણ શ્રી હેમચંદ્રાચાર્યજીએ રચ્યું. રાજા તથા પોતાના નામના સ્મરણરૂપ વ્યાકરણનું નામ શ્રી સિદ્ધહૈમ રાખ્યું.

---

વિજયી થયું છે તો સાહિત્ય અને સંસ્કારમાં પણ તે અજિત બનવું જોઇએ. પુનઃ પાટણ આવ્યા પછી રાજસભામાં એ ગ્રંથરત્નો નિહાળી તેને પ્રબલ અભિલાષા થઇ કે શું ગુજરાતમાં કોઇ એવો પંડિત કે વિદ્વાન નથી કે નવું સુંદર મહાવ્યાકરણ બનાવે. વિદ્યમાન વ્યાકરણોથી પણ વધી જાય તેવું અદ્ભૂત, સરલ અને અર્થગંભીર વ્યાકરણ બનાવે. રાજાએ પોતાની રાજસભામાં તપાસ કરાવી છે. આખરે એની નજર નવયુવાન તેજસ્વી **જૈનાચાર્ય** ઉપર ઠરી છે. એના મંત્રીઓ અને પંડિતોની નજર પણ ઊગતા સૂર્ય સમા નવીન આવેલ જૈનાચાર્યજી ઉપર ઠરી છે. આખરે રાજાની વિનંતિથી શ્રીહેમચંદ્રાચાર્યજીએ મહાભારત કાર્ય ઉઠાવ્યું છે અને સાંગોપાંગ પાર ઉતાર્યું છે. આ એક જ મહાન્ વ્યાકરણ બનાવી શ્રીહેમચંદ્રાચાર્યજીએ ગુજરાતને પંડિતો અને વિદ્વાનોની સભામાં ગૌરવવન્તું ઉન્નત સ્થાન અપાવ્યું છે. **અદ્યાવધિ ભારતમાં આવું બીજું વ્યાકરણ બન્યું જાણ્યું નથી.**

વર્તમાન જૈનસંઘની ફરજ છે કે, "આ મહાન્ વ્યાકરણને સંપૂર્ણ છપાવે, નવી પદ્ધતિથી છપાવે, લઘુન્યાસ, બૃહન્ન્યાસ, લઘુટીકા, બૃહતટીકા છપાવે. તેને સસ્તામાં સસ્તું આપે તેમજ આ ગ્રંથના અંગભૂત સાહિત્યનું પણ સુંદર રીતે પ્રકાશન કરી અલ્પ મૂલ્યે જનતાને મલે તેમ કરે. આ મહાન્ વ્યાકરણ ઉપર નવી ટીકા રચવા કરતાં જે છે તેને જ સુંદર રીતે પ્રકાશમાં મૂકવાની જરૂર છે. નવી નવી ટીકાઓ કરી ગ્રંથને વધુ કિલષ્ટ કે જટીલ બનાવવાની જરૂર નથી. મારા નમ્ર મત મુજબ તો નવી ટીકાઓ બનાવી આપણે ગ્રંથના ગૌરવમાં ક્ષતિ પહોંચાડીયે છીએ. સૂરિજીમહારાજે કયાંય ક્ષતિ કે અપૂર્ણતા નથી રાખી પછી નવી ટીકાઓ રચી આપણે શું નવું કરવાના છીએ ? ખરેખરી સેવા તો એમાં જ રહી છે કે આ મહાવ્યાકરણને આપણે પ્રકાશિત કરી તેના અભ્યાસીઓ વધે, અભ્યાસમાં લોકરૂચી જાગે તેવો પ્રયત્ન કરીયે. હાં એટલું જરૂર કરો કે બૃહન્ન્યાસ જે પૂર્ણ નથી મલતો તેની નીચે ફૂટનોટમાં જરૂરી ખુલાસા કે પૂર્તિ ઉમેરવી પડે, કયાંક અર્થગંભીરને નીચે ફૂટનોટ આપી સરલ કરી શકાય. બાકી નવી ટીકા, નવા ન્યાસ એવા કશાની જરૂર નથી. આટલું સહજ સરલ ભાવે જ લખ્યું છે. કોઇના ઉપર આક્ષેપ કરવાનો ઇરાદો નથી. માત્ર મારો પોતાનો અંગત મત જ અહીં દર્શાવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૈનિકો છે, પણ તે સૈનિકો બીજાના દેશો જીતવા કે બીજાને લૂંટવા માટે નથી. તેઓનું યુદ્ધ કામ, ક્રોધ, રાગ–દ્વેષ આદિ અંતરના શત્રુઓને જીતવા માટે છે.

બહારના યુદ્ધથી શું વળવાનું છે? માટે આંતરિક યુદ્ધ કરો. આત્માથી આત્માને જીતતાં સુખ પામી શકશો. આવું સતત અંતરંગ યુદ્ધ કરતાં છતાં પ્રભુને માર્ગે ચડેલા સંયમી પુરુષ શાંત દાંત ધીર સ્વભાવના હોય છે.

પ્રભુના ધર્મમાં રાજ્યખટપટને ઓછો અવકાશ છે. સમાજ અને ધર્મના ઉદ્ધાર, વિકાસ અને સંરક્ષણ માટે વસ્તુપાળ તેજપાળ જેવા કેટલાક મહાન રાજદ્વારી પુરુષો પ્રભુના શાસનમાં થયા છે, પણ આ એક ગૌણ માર્ગ છે. જગતમાં શાંતિ સ્થાપવાને પ્રભુએ તો પ્રત્યેક વ્યક્તિની અંતર્ વૃત્તિની સુધારણા ઉપર ભાર મૂક્યો છે. પ્રભુએ તો આ આદર્શ ઉપર જ જગતની સુવ્યવસ્થાને સ્થાપેલ છે. તેના શાસનમાં ત્યાગી અને સંયમીને મુખ્ય સ્થાન છે. આપણી જેમ દરેક પ્રાણીને સુખ દુ:ખ થાય છે, બીજાના સારા નરસા કૃત્યથી જેમ આપણને સુખ દુ:ખ થાય છે, તેમ આપણા તેવા કૃત્યથી બીજા જીવને સુખ દુ:ખ થાય છે માટે સર્વ પ્રાણીઓની રક્ષા કરવી, તેના રક્ષાના ઉપાયો યોજવા અને સક્રિય મદદ કરવી, બીજા પ્રાણીઓ તરફ દયા રાખવી, દુ:ખી માણસોના દુ:ખ નિવારણ માટે દાન આપવું, વિગેરે સુકૃત્યો ગણાવવામાં આવ્યા છે. અને તેટલે દરજ્જે જૈન ધર્મ સમાજસેવાવાદી (socialist) છે. બીજી રીતે આત્મોન્નતિ–આત્મસુધારણા ઉપર જૈન ધર્મ મુખ્ય ભાર મૂકે છે. એટલે તેટલે દરજ્જે એક વ્યક્તિત્વવાદી (individualistic) છે. મનુષ્યના વ્યક્તિત્વને સર્વથા દાબી દઇ રાષ્ટ્રરૂપી મહા મંત્રના અવયવ તરીકે રાષ્ટ્રના મનુષ્યોને કામ કરતાં તૈયાર કરવા, અને તે પ્રમાણે તેઓનો ઉપયોગ કરવો તે ખરા ધર્મનો માર્ગ નથી. વ્યક્તિત્વના નાશ સાથે જ ધર્મનો નાશ થાય છે. જૈન ધર્મે કોઈવાર લડાઇઓને–લડાયક વૃત્તિને ઉત્તેજન આપ્યું નથી અને લડાઈમાં મરનારાઓની નીચ ભાવિ ગતિ બતાવી છે.

જૈન સંઘ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓથી સમૃદ્ધ છે. તેમાં **ત્યાગ અને જ્ઞાનથી પૂર્વાપરની** શ્રેષ્ઠતા બતાવેલ છે, છતાં ગુરુની ભૂલ હોય તો તે બતાવવાનો શિષ્યનો ધર્મ કહેલ છે. તેમ સાધુ માર્ગથી વિમુખ હોય તો તેમનો ધર્મ બતાવવાની શ્રાવકને માથે ફરજ મૂકેલ છે. એટલે સંઘની વ્યવસ્થા એકાંત એકરાજાવાદ (monarchy) નથી પણ પ્રજાશાસનવાદના તત્ત્વો છે, અને તે કારણથી જ જૈન ધર્મ ભિન્ન ભિન્ન કાળ અને દેશમાં પસાર થયા છતાં અખંડરૂપે રહ્યો છે.

ત્યાગ અને સંયમ ઉપર ભાર મૂકયા છતાં સ્વધર્મમાં નિષ્ક્રિયતા અને પ્રમાદને દૂર રાખવાં પ્રભુએ આજ્ઞા કરેલ છે. ઉત્તરાધ્યયનના દશમા અધ્યયનમાં દ્રુમકપત્ર–પીળા જીર્ણ પાંદડાનું દૃષ્ટાંત લઇ સત્ ધર્મકરણી કરવામાં એક પણ સમયનો પ્રમાદ ન કરવા ભગવાને શ્રી ગૌતમને ઉદ્દેશીને કહ્યું છે. ભગવાનના શાસનમાં અંધશ્રદ્ધાને સ્થાન નથી, સમ્યક્ શ્રદ્ધાન એટલે જ્ઞાનપૂર્વકની શ્રદ્ધાને સ્થાન આપવામાં આવેલ છે; માટે જ સમ્યગ્દર્શનનું લક્ષણ તત્ત્વાર્થશ્રદ્ધાનમ્ બતાવવામાં આવ્યું છે. તંત્ર મંત્રના બળથી, હઠયોગના પ્રભાવથી, ઔષધીઓના ઉપયોગથી અજ્ઞાન માણસોને આકર્ષવામાં અને તેમનામાં ખોટી શ્રદ્ધા ઊભી કરવામાં ભગવાને અધર્મ બતાવ્યો છે.

તત્ત્વજ્ઞાનના વિષયમાં વસ્તુ અનંતધર્માત્મક હોવાથી જુદા જુદા દૃષ્ટિબિંદુથી વસ્તુતત્ત્વને પ્રરૂપનાર જુદા જુદા મતવાળાઓ અમુક અંશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મરણ ભય શા માટે ?

લેખક—વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ બી. એ. એલ.એલ. બી.

જગતભરમાં નાના–મોટા, સબળ–નિર્બળ તમામ પ્રાણીઓને વધતા ઓછા પ્રમાણમાં મરણનો ભય કાયમને માટે પોતાને માથે ઝઝુમી રહેલો જણાય છે. મૃત્યુ કે મરણના ખ્યાલ માત્રથી મનુષ્યને કંપારી છૂટે છે. સૌ કોઇ બાલક કે વૃદ્ધ, જ્ઞાની કે અજ્ઞાની, તત્ત્વદર્શી કે પામર મનુષ્ય સારી રીતે સમજતો હોય છે કે વ્હેલા–મોડા મૃત્યુ અવશ્ય નિર્માણ થયેલું જ છે છતાં પણ તેનો વિચાર મનમાં ઉદ્ભવતાં જ તેને પોતાની આસપાસ ભયંકર અને ત્રાસજનક વાતાવરણ ખડું થઇ જતું લાગે છે. રાજા–મહારાજા–ચક્રવર્તી કે તીર્થંકર ભગવાન પણ મૃત્યુથી બચી જવાને સામર્થ્યવાન નથી એટલું જ નહી પણ ક્ષણભર પણ તેને આઘું–પાછું ઠેલવાને પણ શકિતવાન નથી. મૃત્યુ માટે પ્રથમથી જ નીર્માણ થયેલ તિથિ પાંચમ હોય તો તેની છઠ કરવા કોઇ સમર્થ નથી.

સદ્ચિદાનંદ આત્મ તત્ત્વને અનાદિ કાળથી વળગેલાં સઘળા કર્મમલનો ક્ષય થતાં સાદિ-અનંત મોક્ષસ્થિતિ (આત્માનું સકલ કર્મથી છૂટા થવાપણું) પ્રાપ્ત થાય છે. મૂળ સ્વરૂપે આત્મા સકળ કર્મમલથી રહિત નિર્મળ–વિશુદ્ધ સ્ફટીકમણિ–રત્ન સમાન છે. તેવી વિશુદ્ધ સ્થિતિ પ્રાપ્ત થતાં સુધી **पुनरपि जननं पूनरपि मरणं पुनरपि जननीजठरे शायनं** જેવી સ્થિતિ અરઘટ્ટ–ઘટીકાના યંત્રની માફક પ્રત્યેક આત્માને મોક્ષપ્રાપ્તિ થતાં સુધી ચાલુ રહેવાની જ એટલે કોઇ પણ ઉપાયે જન્મ મરણને સંસ્કારી જીવ અટકાવી શકે તેમ નથી જ તો પછી મરણની કલ્પનાથી હદ ઉપરાંત ભયભીત શા માટે થઇ જવું જોઇએ ? ભવિષ્ય કાળના ગર્ભમાં ભય ઉત્પન્ન થવાના–ભયભીત સ્થિતિમાં ફસી પડવાના કેવા કેવા પ્રસંગો ઉપસ્થિત થવાના છે તે આપણે જાણતા નથી અને તેથી લૂંટ કે ચોરીનો ભય, જાન–માલને નુકશાન પહોંચાડે તેવા આફતકારક અકસ્માતોનો ભય કંઇક સકારણ છે પરંતુ જે વસ્તુ વ્હેલા–મોડા અવશ્યમેવ બનવાની જ છે એટલું જ નહિ પણ કોઇ પણ ઉપાયે અટકાવી શકાય તેમ પણ નથી તે માટે ભયની કલ્પનાથી શા માટે ગભરાઇ જવું જોઇએ તે સમજી શકાતું નથી.

**जातस्य हि ध्रुवो मृत्यु ध्रुवं जन्म मृतस्य च** એ સૂત્ર અનુસાર પ્રત્યેક જન્મ ધારણ કરી ચુકેલા પ્રાણીને વ્હેલા મોડા અવશ્ય મૃત્યુનો ભેટો થવાનો જ છે અને મૃતપ્રાણીને અવશ્ય જન્મ ધારણ કરવાનો છે તેમાં અપવાદ ફક્ત તદ્ભવમોક્ષગામી મનુષ્ય પ્રાણીનો છે કારણ કે મુકત આત્માને પણ જો ફરી જન્મ ધારણ

---

સાચા છે, માટે તેમનો દ્રોહ ન કરવા ધર્મ ફરમાવે છે એટલે તત્ત્વજ્ઞાનના વિચારમાં પણ બૌધિક અહિંસા (intellectual non-violence)નો પાઠ ભણાવેલ છે, અને પોતાનું સાચું છે અને બીજા બધા ખોટા છે એવો દુરાગ્રહ કરી નૈતિક અને ધાર્મિક જગતમાં કલહ–કુસંપના કારણોથી દૂર રહેવા પ્રભુએ આજ્ઞા કરેલ છે. તેટલા માટે જૈનધર્મે બીજા ધર્મો ઉપર કોઇ વાર આક્રમણ કરેલ નથી, પરાણે બીજા ધર્મવાળાઓને સ્વમતમાં ખેંચવા પ્રયત્ન નથી કર્યો, ધર્મને નામે સમાજ કે રાષ્ટ્રમાં લડાઇઓ ઉભી કરી નથી. ટૂંકામાં જૈનધર્મ એક એવો ધર્મ છે જેમાં વિશ્વભરમાં સ્થાયી શાંતિ સ્થાપવાનો સાચો માર્ગ બતાવવામાં આવ્યો છે.

આ વિશ્વભરની અશાંતિના કાળમાં પ્રભુએ બતાવેલ માર્ગ ઉપર આવવાથી જ ખરી શાંતિ જગતમાં પ્રસરશે.

જીવરાજભાઇ ઓધવજી દોશી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાનો રહેતો હોય તો પછી મુમુક્ષો જનો તે સ્થિતિ માટે પ્રતિદિન ઝંખના કરી રહેલા હોય છે તેવી મોક્ષસ્થિતિની–મુક્ત દશાની કંઈ કીંમત જ નથી.

ઉપરોક્ત સૂત્રથી આર્ય સંસ્કૃતિને માન્ય પુનર્જન્મનો અને અનંતા પૂર્વભવોનો સિદ્ધાંત પ્રતિપાદન થાય છે અને એ સિદ્ધાંતને અનુસરી મુક્તદશા પ્રાપ્ત થતાં સુધી પ્રત્યેક પ્રાણીને જન્મ–મરણ પ્રસંગના અકલ્પ્ય દુઃખોની પરંપરા ખડી કરતું ભવભ્રમણ ત્રાસજનક જણાતું હોવાથી જ તેમાંથી બચવા માટે ધર્મોપદેશકો કેવળ હિત બુદ્ધિથી–પરમાર્થ દૃષ્ટિથી આપણને જુદા જુદા અનેક માર્ગો બતાવી ગયેલ છે.*

ઉપરોક્ત વિવેચનથી સ્પષ્ટ થાય છે કે મુમુક્ષુ સજ્જને ભવભ્રમણમાંથી બચવા માટે સર્વદા પ્રયત્નશીલ રહેવું જોઈએ પરંતુ મરણના ભયથી પ્રતિદીન ધ્રુજારી અનુભવવાનું કંઈ કારણ નથી એટલું જ નહીં પરંતુ તદ્ભવમોક્ષગામી મનુષ્યને તો તે છેલ્લું મરણ હોવાથી તે ખાસ આવકારને પાત્ર ગણાવું જોઈએ.

મૃત્યુ-મરણને ભગવદ્ગીતામાં જે સ્વરૂપે વર્ણવવામાં આવેલ છે તે ખાસ વિચારવા જેવું છે. કદી પણ ભૂલવા જેવું નથી.

**देहिनोऽस्मिन्यथा देहे कौमार यौवन जरा**
**तथा देहांतरप्राप्तिर्धीरः तत्र न मुह्यति ॥**

**अंतवंत इमे देहा नित्यस्योक्तः शरीरिणः**
**वासांसि जीर्णानि यथा विहाय नवानि**
**गृह्णाति नरोऽपराणि**
**तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि**
**संयाति नवानि देहि ॥**

ઉપરના અવતરણમાં મરણને ફક્ત દેહાંતર પ્રાપ્તિ સ્વરૂપે જ જણાવેલ છે અને તેને આ દેહધારણ કરનારે આત્માના શરીરની જુદી જુદી અવસ્થાઓ જેવી કે કુમારદશા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા સરખાવેલ છે. વળી શરીર ધારણ કરનાર અવિનાશી–નિત્ય આત્માના શરીરો અંતવાળા–વિનાશી છે પરંતુ આત્મા તો તેના મૂળ સ્વરૂપે અજરામર–અવિનાશી છે.

આ રીતે આપણે જેને મૃત્યુ કે મરણથી ઓળખીએ છીએ તેને અહીં દેહાંતર પ્રાપ્તિ એટલે અન્ય દેહને ધારણ કરવાની સ્થિતિ તરીકે ઓળખાવેલ છે અને તેથી પણ આગળ વધીને છેલ્લા શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે મનુષ્ય **જેવી રીતે** જૂના–જીર્ણ થઈ ગયેલા વસ્ત્રોને તજી દઈને–ફેંકી દઈને નવા **વસ્ત્રો** ધારણ કરે છે તેવી જ રીતે શરીરધારી આત્મા જીર્ણ શરીરને તજી દઈને નવા શરીર ધારણ કરે છે.

આ પ્રકારની મૃત્યુની કલ્પના મરણનું યથાર્થ સ્વરૂપ સમજાવવાનું બુદ્ધિકૌશલ્ય પરમ ભાવવાહી, ઉત્તેજક આશ્વાસનરૂપ થઈ પડે છે, એટલું જ નહીં પણ લેશ માત્ર પણ મરણનો ભય નહીં રાખવાનું સૂચવતા તેને આવકારને પાત્ર ગણવાનું ફરમાવે છે.

જડ–પૌદ્ગલિક વસ્તુઓનું બનેલું આ નાશવંત શરીર અને તેને ધારણ કરનાર–શરીરધારી અવિનાશી, અજરામર આત્મા–બન્ને તદ્દન નિર–નિરાળા ભિન્ન દ્રવ્યો છે અને તે બન્નેનો યથાર્થ સ્વરૂપે ભેદભાવ જેમના હૃદયમાં સારી

* અવશ્યમેવ થતાં જન્મ–મરણનો બાઉ આ જગતમાં સર્વ મનુષ્યોને ધ્રુરકાવતો ન હોત તો દુષ્ટ માનસ ધરાવતા મનુષ્યો–અધમ વર્તનથી જ તૃપ્તિ મેળવતા પામર પ્રાણીઓ પાપાચરણમાં એટલા બધા મશગૂલ રહેત અને પાપ–પુંજ એટલી હદે વધાર્યે જાત કે તેમને પોતાના ભૂતકાળના કૃત્યો તરફ કદી પણ દૃષ્ટિ ફેંકવાનો–વિહંગાવલોકન કરવાનો પ્રસંગ જ ઉપસ્થિત થાત નહીં. પશ્ચાત્તાપ માટે કંઈ અવકાશ જ રહેત નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમાન્ યશોવિજયજી.

લેખકઃ—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા, એમ. બી. બી. એસ.

"નિર્મલ ગુણમણિ રોહણ ભૂધરા,
મુનિજન માનસ હંસ
ધન્ય તે નગરી રે ધન્ય વેળા ઘડી,
માતપિતા કુલ વંશ."
**શ્રી. આનંદઘનજી**

અત્રે જિનશાસનગગનના દિવ્ય જ્યોતિર્ધર મહાસંતપુરુષ શ્રીમાન્ **યશોવિજયજી**ના જીવનચરિત્ર સંબંધી કંઇક વિચાર કરવાનો ઉપક્રમ છે,- મુખ્યપણે તેમના આધ્યાત્મિક જીવનનો પરિચય અત્ર પ્રસ્તુત છે. ઉપર ટાંકેલા શ્રી આનંદઘનજીના અમર શબ્દોમાં કહીએ તો અવનીને પાવન કરનારા આવા સત્પુરુષ જ્યાં જન્મે છે તે નગરીને ધન્ય છે, તે વેળાને અને ઘડીને ધન્ય છે, તે માતપિતાને અને કુલ વંશને ધન્ય છે! આવા નિર્મલ ગુણમણિના રોહણાચલ સમા સંતપુરુષના ઉત્તમ ગુણોનું સ્મરણ કરવું, પવિત્ર ચરિત્રનું સંકીર્ત્તન કરવું તે પણ આપણું ધન્યપણું છે!

મહત્ પુરુષોનો જન્મ જગતના કલ્યાણ અર્થે હોય છે, સત્પુરુષોની સમસ્ત વિભૂતિ પરોપકારાર્થે હોય. '**परोपकाराय सतां विभूतयः**' આવા પરમ ઉપકારી જગત્કલ્યાણકર મહાપુરુષનાં ગુણગાનનો જે રસાસ્વાદ લે છે તે જ 'રસના' છે, બાકી તો વિકથારૂપ કુથલી કરનારી વિરસના જ છે! આવા સંતના પવિત્ર ચરિત્રનું જે શ્રવણ કરે છે તે જ કર્ણ છે, બાકી તો વાયુતરંગને અથડાવાના કાણાં છે! આવા સતપુરુષના સદ્બોધનું જે મનન કરે છે તે જ મન છે, બાકી તો યત્રતત્ર ભ્રમણ કરનારું વાંદરું છે! શ્રી **યશોવિજયજી**ના પોતાના શબ્દોમાં કહીએ તો–ગિરુઆ ગુણવંતના ગુણ શ્રવણ કરતાં કાનમાં અમૃત ઝરે છે ને કાયા નિર્મલ થાય છે. 'સુણતાં શ્રવણે અમી ઝરે, મોરી નિર્મલ થાયે કાયા રે–ગિરુઆ રે ગુણ તુમ તણા.' મહામુનિ શ્રી **દેવચંદ્રજી**એ સાચું જ ગાયું છે કે–

"ભલું થયું મેં પ્રભુગુણ ગાયા,
રસનાનો ફલ લીધો રે;
દેવચંદ્ર કહે મ્હારા મનનો,
સકલ મનોરથ સીધો રે."

માટે ચાલો આપણે પણ સત્પુરુષના ગુણગાન કરી રસનાને રસમય કરીએ! સંતચરિત્રના શ્રવણથી કર્ણને પાવન કરીએ! સત્પુરુષના સદ્બોધચિંતનથી ચિત્તને સચેત કરીએ! ગિરુઆ ગુણવંતના ગુણગંગાજલમાં નાહી કાયાને નિર્મલ કરીએ! અને પ્રેરણા અમૃતનું પાન કરી જીવનને ઉન્નત બનાવીએ! ખરેખર! મહાપુરુષોના જીવનવૃત્ત અપૂર્વ પ્રેરણા આપી મનુષ્યના જીવનને ઉન્નત–ઊર્ધ્વગામી બનાવે છે એ અંગ્રેજી ઉક્તિમાં ઘણું તથ્ય છે, 'Lives of great men make our life sublime' વીર અને વીરપૂજા, 'Hero & Hero-worship' નામનો એક સુંદર ગ્રંથ કાર્લાઇલ નામના અંગ્રેજી લેખકે લખ્યો છે.

---

રીતે ઠરી ગયેલો હોય છે તેઓ જ આત્માની શુદ્ધ દશા સમજી શકે છે અને આત્મકલ્યાણ સાધી શકે છે તેમજ ખરી વસ્તુસ્થિતિ બરાબર સમજતાં તેમને મૃત્યુથી બીવાનું કંઇ કારણ રહેતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં વીર કોણ? અને વીરને જગત્ શા માટે પૂજે છે? એની ઘણી રસપ્રદ ચર્ચા કરી છે. એ ઉપરથી અત્ર સહેજે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે સાચો વીર કોણ? પ્રેમદીપમાં પતંગીયું બની ઝંપલાવનાર પ્રણયવીર શું વીર; કે રણ-સંગ્રામમાં ભીષણ સંહારલીલા પ્રવર્તાવી વિજય-લક્ષ્મી વરનાર રણવીર શું વીર? બાહ્ય સુખ-સાધનોની અજબ શોધો કરી અને ગજબ ઉલ્કાપાત મચાવે એવા ભયંકર શસ્ત્રો સર્જી જગતના સુખ-દુઃખ સાધનોની વૃદ્ધિ કરનારા વિજ્ઞાનવીરો શું વીર, કે લોકોના ઐહિક કલ્યાણ અર્થે પોતાનું જીવન અર્પણ કરનારા કર્મવીર શું વીર? પોતાના આંતર શત્રુઓનો પરાજય કરી પોતાના આત્મા પર વિજય મેળવનાર આત્મવીર શું વીર, આત્માનો શુદ્ધ સ્વભાવ ધર્મ પ્રગટ કરી અન્યને પણ તે સદ્ધર્મમાર્ગ બોધનાર ધર્મવીર શું વીર? આમ વીરના વિવિધ પ્રકારો છે. તેમાં પ્રથમના બે પ્રગટપણે કનિષ્ઠ છે, વચલા બે મધ્યમ છે, છેલ્લા બે ઉત્કૃષ્ટ છે. કારણકે **શ્રી દશવૈકાલિક** સૂત્રનું કથન છે કે-'વીરપણું તે આતમઠાણે'-એકલા હાથે દશ લાખ સુભટનો પરાજય કરે એવા મળવા સુલભ છે, પણ એક સ્વાત્માનો વિજય કરનારો મળવો દુર્લભ છે, અને તે દશ લાખ સુભટને જીતનાર વીર કરતાં કયાંય ચઢી જાય છે.' **સાચું વીરપણું તો આત્મસ્થાને છે.** અને આવું વીરપણું જે દાખવે છે તે જ જગત્ આખાની પરમ પૂજાના પાત્ર, પરમપૂજ્ય એવા '**અર્હત્**' છે.

શ્રી. **આનંદઘનજી**ની વીરગર્જના છે કે—

"વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે;
નાણે ધ્યાને શકિત પ્રમાણે, ધ્રુવ નિજ પદ પહચાનેરે
વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે."

**યોગશાસ્ત્ર**ના પ્રારંભમાં કલિકાલસર્વજ્ઞ શ્રી **હેમચંદ્રાચાર્ય**જીએ પણ એવા જ **વીર**ની સ્તુતિ કરી છે—

**" नमो दुर्वाररागादि वैरिवारनिवारणे ।
अर्हते योगिनाथाय महावीराय तायिने ॥ "**

આમ જૈન દૃષ્ટિએ ને વાસ્તવિક દૃષ્ટિએ સાચું વીરપણું તો આત્મસ્થાને છે. આત્મવીર-ધર્મવીર જે આત્મપરાક્રમ દાખવી આત્મશત્રુનો વિજય કરે છે, તે આત્મવિજયી આત્મવીર પુરુષો જ સાચા વીર છે. અને આવા જે આત્મવીર હોય છે તે જ અન્યને તેવું વીરત્વ ઉપદેશનારા એવા ધર્મવીર હોય છે.

આવા આત્મવીર-ધર્મવીર સત્પુરુષોના કક્ષાભેદે-આત્મદશાભેદે પાંચ પ્રકાર પડે છે, અને તે જગત્પૂજ્ય પરમ વિભૂતિઓને આપણે '**પંચ પરમેષ્ઠિ**' તરીકે ઓળખીએ છીએ. આત્માના રાગ-દ્વેષાદિ શત્રુઓને હણી, કર્મની સેના પર વિજય મેળવી, જે શુદ્ધ સહજ આત્મ-સ્વરૂપે સ્થિત થઇ, કેવલજ્ઞાન લક્ષ્મીને વર્યા છે, તે દેહ છતાં દેહાતીત દશાએ વર્ત્તનારા જીવન્મુકત સત્પુરુષને આપણે '**અરિહંત**' અથવા જગત્ સમસ્તને પરમ પૂજાર્હ એવા '**અર્હંત**' કહીએ છીએ. ચરમ દેહપર્યાય પૂરો થયે જે શુદ્ધ સહજાત્મસ્વરૂપે સ્થિતિમય સ્વભાવરૂપ મોક્ષને પામ્યા છે તેને આપણે '**સિદ્ધ**' કહીએ છીએ. શુદ્ધ આત્મસ્વરૂપની સાધનાને અનુકૂળ શુદ્ધ આચારના પાલનમાં જે નિરંતર ઉદ્યુકત છે, એવા ઉચ્ચ ગુણસ્થિતિને પામેલા સમ્યગ્દૃષ્ટિ વીતરાગ સત્પુરુષોને આપણે '**આચાર્ય**' નામથી ઓળખીએ છીએ. શુદ્ધ આત્મસ્વરૂપને જાણી, સમસ્ત શ્રુતરહસ્યના પારગામી થઇ જે અન્યને તે પરમ શ્રુતનો ઉપદેશ આપે છે, એવા આત્મારામી જ્ઞાની મહામુનિઓને આપણે '**ઉપાધ્યાય**' કહીએ છીએ. અને શુદ્ધ આત્મસ્વભાવની નિર્મળ સાધનામાં નિરંતર સાવધાન રહી જે સાચા સાધુગુણસંપન્ન સાધુ-ચરિત સમ્યગ્દૃષ્ટિ સંતો નિજાનંદમાં નિમગ્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આપણું કલ્યાણ

અનુ-' અભ્યાસી '

સંસારમાં એવો કોઇ મનુષ્ય નથી જે પોતાનું કલ્યાણ ન ચાહતો હોય. કલ્યાણનો અર્થ શો છે અથવા સાચું કલ્યાણ, કયી વસ્તુમાં, કયી દશા રહેલું છે તે કેટલાક જાણતા હોય તો જુદી વાત છે. ચોર અથવા લુંટારા પોતાના નિન્દનીય કાર્યમાં પણ કલ્યાણની ગન્ધથી પ્રવૃત્ત થાય છે એ અજ્ઞાનનું જ પરિણામ છે. વેશ્યા પોતાના ગંદા વ્યવહારને પોતાના સુખનું કારણ સમજે છે તેમજ જૂઠું પણ એમ જ ધારીને બોલવામાં આવે છે કે તેનાથી આપણું કલ્યાણ થશે. માયા, મમતા, મોહ-એ સર્વ અવગુણ એવી ભ્રમિત ભાવનાના જ પરિણામરૂપ છે. એટલા માટે જો આપણે આપણું સાચું કલ્યાણ ચાહતા હોઇએ તો આપણે માટે જાણવું જરૂરી છે કે સાચું કલ્યાણ શું છે અને કયી વસ્તુમાં રહેલું છે.

ઘણે ભાગે તો એમ જ સમજવામાં આવે છે કે જે વસ્તુથી સુખ મળે તે જ કલ્યાણકારી છે, પરંતુ સુખ પણ કેટલાય પ્રકારનું હોય છે. શારીરિક સુખ તો ક્ષણિક છે. વિષયભોગમાં સમય પળવારમાં ચાલ્યો જાય છે અને એવો અનુભવ થવા લાગે છે કે શરીરનું સુખ એક પ્રકારે નથી મળી શકતું-બાલ્યાવસ્થામાં રમત ગમતથી અને મીઠાઇથી સુખ મળે છે. તો જુવાનીમાં સ્ત્રીથી, ધનથી ઈચ્છાયો પૂરી થાય છે. વૃદ્ધાવસ્થા આવતાં તે સુખના ક્રમ તથા સાધનમાં મહાન પરિવર્તન થઇ જાય છે. અને સૌથી મહત્વની વાત તો એ છે કે ઇચ્છા ન હોવા છતાં પણ કોઈ પરોક્ષ શકિત તે છીનવી લઇ પ્રાણહીન કરી દે છે અને જે શરીરને સુખી બનાવવા માટે આત્માનો સોદો કર્યો તે પણ સાથ છોડી દે છે. એટલું નહિ પણ

---

રહે છે, તે આત્મસ્વરૂપસાધન મુમુક્ષુ મહાત્માઓને આપણે '**સાધુ**' નામથી સંબોધીએ છીએ. શાસ્ત્રોકત ગુણસંદોહ જેનામાં છે એવા **ભાવયોગી**, ભાવાચાર્ય, ભાવ ઉપાધ્યાય અને ભાવસાધુની જ અત્ર આચાર્ય, ઉપાધ્યાય ને સાધુપદમાં ગણના છે: બાકી વેષધારી ને નામધારી દ્રવ્યલિંગીઓની એમાં કંઇ ગણના નથી, એમ મહાત્મા શાસ્ત્રકારનો આશય આપણે સમજીએ છીએ. આમ આ આત્મપરાક્રમી વીર પુરુષોના મુખ્ય બે વર્ગ પડે છે: એક તો શુદ્ધ આત્માની સિદ્ધિ જેણે પ્રાપ્ત કરી છે એવો **સિદ્ધ** અથવા **મુક્ત** વર્ગ,-જેમાં સદેહ મુકત અરિહંત ને વિદેહ મુકત સિદ્ધ બન્ને સમાય છે; અને બીજો-શુદ્ધ આત્માની યોગસાધનામાં જે નિરંતર અપ્રમત્તપણે પ્રવૃત્ત છે એવો **સાધક** અથવા **મુમુક્ષુ** વર્ગ, જેમાં આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ એ ત્રણે અંતર્ભાવ પામે છે. આવા આત્મશત્રુવિજયી સાચા '**જૈનો**'-ના માર્ગ શૂરાનો માર્ગ છે ને તે માર્ગે આવા આત્મપરાક્રમી વીરવરો જ-પુરુષસિંહો જ ગમન કરી શકે છે.

" હરિનો મારગ છે શૂરાનો,
નહિં કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી,
વળતી લેવું નામ જોન."

**શ્રી પ્રીતમ ભકત**

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે જેને જેને સુખી બનાવવાના પ્રયાસ કર્યા હશે તે લોકો પણ આપણા શરીરને બાળીને તેની રાખ પાણીમાં ફેંકીને બે કલાકમાં આપણાથી છૂટા પડી જશે, તો પછી આવી અનિશ્ચિતતામાં પણ શું સુખ માની શકાય? સ્ત્રી, પુત્ર, ધન–સર્વ વસ્તુ વિમુખ થઇ જવાની છે તો એ આપણા કેવી રીતે ગણાય? જો તે આપણા નથી તો તેને સુખદાયક કેવી રીતે માની શકાય?

રાજર્ષિ ભર્તૃહરિએ તો સ્પષ્ટ કહ્યું છે–

**भोगे रोगभयं कुले च्युतिभयं**
**वित्ते नृपालाद् भयं।**
**मौने दैन्यभयं बले रिपुभयं**
**रूपे जराया भयं ॥**
**शास्त्रे वादभयं गुणे खलभयं**
**काये कृतान्ताद् भयं।**
**सर्वं वस्तु भयान्वितं भुवि**
**नृणां वैराग्यमेवाभयं ॥**

અર્થાત્ ભોગમાં રોગનો, કુલીનતામાં મર્યાદાના લોપ થવાનો, ધનવાનને રાજ્યથી લુંટાવાનો, મૌન રહેવામાં દીનતાનો, બળવાનને શત્રુનો, રૂપવાનને ઘડપણનો, શાસ્ત્રજ્ઞને શાસ્ત્રાર્થમાં પરાજિત થવાનો, ગુણવાનને દુષ્ટનો તથા શરીરને મૃત્યુનો ભય રહ્યા કરે છે. સઘળી સાંસારિક વસ્તુઓ ભયથી ભરેલી છે, કેવળ વૈરાગ્યની સ્થિતિ જ ભય રહિત છે.

આવી નશ્વરતાની વચમાં કેવળ એક જ સત્ય છે, એકજ સાર વસ્તુ છે. અને તે ટેનીસન જેવા મહા કવિના શબ્દો સૂચવે છે.

ટેનીસન કહે છે કે—

"That God, which ever lives and loves,
One God, one Law, one Element,
And one far-off divine event,
To which the whole Creation moves."

"તે ભગવાન ચિરન્તન છે, અમર છે અને સૌને ચાહે છે. એક જ ઇશ્વર છે, તેનો એક મહાન નિયમ, એક મહાન તત્વ છે. તેની સુદૂર દૈવી ઘટના તરફ, ચિરશાંતિ તરફ સમસ્ત રચના ચાલી રહી છે."

આ કવિતાના અનેક અર્થોમાંથી મને ઉપર્યુક્ત વ્યાખ્યા અત્યંત પ્રિય છે.

**ભગવાન**

આવા ચિરંજીવ ભગવાનને ન જાણવા એ જ આપણું સૌથી મહાન અકલ્યાણ છે. કવિ 'સાદી'ની સુંદર ઉકિત છે કે 'હું ભગવાનથી ડરું છું અને તે સિવાય જે ઇશ્વરથી નથી ડરતા તેનાથી ડરું છું. જે ઇશ્વરને નથી માનતા તે 'ભગવાનની સાથે શત્રુતા કરે છે અને ઇશ્વરનો વૈરી એ મનુષ્યજાતિનો વૈરી છે' બેકનના આ કથનમાં જેટલું સત્ય રહેલું છે તેટલી દૂરદર્શિતા પણ રહેલી છે. ભગવાનને નહિ માનનાર મનુષ્યજાતિનો મર્મ સમજી શકતો નથી. એટલા માટે જ બેલી (Bailly)એ લખ્યું છે કે–સંસારમાં જો કાઇ વસ્તુ જાણવા લાયક હોય તો તે ભગવાન છે અને બીજું આપણો આત્મા. પેનીન (Panin) ઇશ્વર સંબંધી ઘણા જ સુંદર શબ્દોમાં લખ્યું છે "જે સંસારમાં આપણે રહીએ છીએ તેનો કોઇ પ્રારંભ તો હોવો જ જોઇએ. પ્રારંભ વગર વિકાસ નથી થતો. કારણ વગર પ્રારંભ નથી થતો. પ્રજ્ઞા વગર કારણ નથી હોતું. તે પ્રજ્ઞા મનની અને મહાન હશે અને તે હમેશાં મહાન રહેશે જ. મહાન ભગવાન છે, એ મહાનને જોવા માટે એમર્સને (Emerson) સાફ લખ્યું છે કે પ્રકૃતિનું આવરણ ઘણું જ સૂક્ષ્મ છે. ઇશ્વરની સત્તા ચારે તરફથી પ્રસ્ફુરી રહી છે. મેકકેને (Mechegne) સાફ કહ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે 'ઇશ્વરની નિકટમાં રહો અને તમને બીજી સઘળી વસ્તુઓ અસત્ય જણાશે.'

ભગવાનની વિશેષ વ્યાખ્યા અનાવશ્યક છે. જેની વેદ '**नेति नेति**' કરીને ભગવાનની વ્યાખ્યા પૂરી કરે છે તેની વ્યાખ્યા આપણે શું કહીએ? મેં જાણી બૂઝીને ઉપરની વિદેશીયોએ આપેલી વ્યાખ્યા લખી છે તે વિષયમાં ખાસ વધારે શું કહી શકાય?

**ऐश्वर्यस्य समग्रस्य भूतानामागतिं गतिम् ।**
**येति विद्यामविद्यां च स वाच्यो भगवानिति ॥**

"જેનામાં સંપૂર્ણ ઐશ્વર્ય હોય અને જે પ્રાણીઓના આવવા જવાને જ્ઞાન અજ્ઞાનને પણ જાણે છે તેને ભગવાન કહેવો જોઇએ.

## ધર્મ

એ ભગવાનને જાણવો એ મહાધર્મ છે અને એ ધર્મનું પાલન કરવું એ જ એક માત્ર કલ્યાણકારી છે. ધર્મ કોઇ સંકુચિત વસ્તુ નથી. એ કોઇ તર્કની વસ્તુ પણ નથી. ધર્મ તો તર્કથી પર છે. રેવ ડૉ. હેરી ઇમર્સન ફૉસડિકે (Rev. Dr. Harry Emerson Fosdich) લખ્યું છે કે "ધર્મ, સંગીત, ધાર્મિક ક્રિયા–કલાપ, પ્રેમ, ભલાઇ વગેરે કોઇ પણ વસ્તુમાં એવી કોઇ વાત નથી કે જે બુદ્ધિગમ્ય ન હોય. પરંતુ જયાં સુધી સંસારમાં સૂર્યનો પ્રકાશ છે ત્યાં સુધી આપણે એ વસ્તુઓની મહત્તાને ત્યારે જ પ્રાપ્ત કરી શકશું કે જ્યારે બુદ્ધિ-સીમાને ઓળંગી જશું."

આજકાલ બુદ્ધિવાદનું જોર છે, પરંતુ ધર્મ વગર બુદ્ધિ કેવી રીતે પાશવી બની જાય છે તેનું નિરૂપણ દર્શનિક બનશેને (Bunsen) કર્યું છે. તે લખે છે કે 'હૃદયમાં ધર્મનો પ્રદીપ' સળગાવ્યા વગર બુદ્ધિના સંસ્કાર કેવળ સભ્ય પાશવતા અને છુપાયલું જંગલીપણું રૂપે રહી જાય છે. માણસ 'ઇશ્વર પ્રત્યે જ સાચો નથી રહેતો તો પછી એ મનુષ્ય પ્રત્યે સાચો કેવી રીતે થઇ શકે?' પ્રસિદ્ધ વૈજ્ઞાનિક એચ. જી. વેલ્સ લખે છે કે "સંસારમાં આદિ અને અંતિમ વસ્તુ ધર્મ છે." આજકાલ ધર્મ પ્રત્યે આટલી શત્રુતા કેવળ એટલા માટે છે કે તે પોતે બુરાઇઓનો શત્રુ છે. ખરાબને ખરાબ જ જુએ છે. પ્રસિદ્ધ પાદરી ડીન ઇંજે (Dean Inge) તો સાફ કહી દીધું છે કે જે વ્યક્તિ જેવી હશે તેને ભગવાન તેવા જ દેખાશે અને જેને ભગવાન જેવા દેખાશે તે સંસારની સાથે એવો જ વ્યવહાર કરશે. જો કોઇ એમ પૂછે કે ધર્મ શી વસ્તુ છે તો તેનો જવાબ એ જ છે કે—

**धर्मस्य तत्त्वं विहितं गुहायां,**
**महाजनो येन गतः स पन्थाः ॥**

જે માર્ગે મહાપુરુષો ચાલ્યા છે તે જ માર્ગ છે, તે જ ધર્મ છે, તે જ કર્ત્તવ્ય છે. પરંતુ સંસારમાં આપણે એવા ભ્રમિત ચિત્તથી ભટકીએ છીએ કે આપણને દુનિયાનું જ્ઞાન ઘણું જ ઓછું છે. એ સંસાર શું છે તે જ આપણે નથી જાણતા.

## સંસાર

લોકો ભૂલથી માની બેઠા છે કે પૈસો જ સમસ્ત સુખનું મૂળ છે. એપિકયુરસે (Epicurus) સાફ કહી દીધું છે કે–સંસારનો વૈભવ મહાન સંપત્તિમાં નહિ, પણ ઓછામાં ઓછી જરૂરિયાતોમાં છે.! પૈસો તો કામનાઓને પ્રજ્વલિત કરીને સંસારને વિષમય બનાવી દે છે. ત્યાગ સંતોષનો જનક છે. રેનોલ્ડ્ઝે (Reynolds) ઠીક લખ્યું છે કે–'પૈસો જેટલો ઓછો હશે તેટલી જ ઓછી ચિન્તા રહેશે.' પૈસા કમાવા, પ્રાપ્ત કરવા એ સહેલી વાત નથી. અને એનું રક્ષણ કરવું તે તેનાથી પણ મુશ્કેલ છે. પરંતુ એ પૈસાનો સદુપયોગ કરવો એ તો સૌથી વધારે મુશ્કેલ છે. પ્રસિદ્ધ ધનકુબેર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાથચાઇલ્ડ (Rathschild)નું આ કથન પણ અત્યંત કીમતી છે.

## મૃત્યુ.

સંસારનું વિકટ સત્ય મૃત્યુ છે. ગમે તે કરીએ તો પણ એના પંજામાંથી કોઇ બચી શકતું નથી. બેકનના શબ્દોમાં 'મનુષ્ય માટે મરવાનું તેટલું જ સ્વાભાવિક છે જેટલું જન્મ લેવાનું સ્વાભાવિક છે.' જેવી રીતે જન્મતી વખતે કષ્ટ થાય છે તેવી રીતે સ્વભાવિક કષ્ટ મૃત્યુ વખતે પણ થાય છે.

મૃત્યુ જેવી સત્ય વસ્તુને માણુસ ભૂલી શકે છે તો પછી તેનું કલ્યાણ થવાનો કયી રીતે સંભવ છે. બ્લેયર(Blair)ના શબ્દોમાં "જે લોકો પોતાના ધનવૈભવમાં મસ્ત છે, ભવિષ્યના સુખ-સ્વપ્નોના અંધકારમાં પડેલા છે અને જેઓ અહિંથી વિદાય લઇને જે સંસારમાં જવાનું છે તેને માટે કશી તૈયારી નથી કરી તેઓની સામે જ્યારે મૃત્યુ આવીને ઊભું રહેશે ત્યારે તેને કેટલું ઘાતક દુઃખ થશે?"

મૃત્યુથી કોણ ડરતું નથી? કોને દુઃખ નથી? શેકસપીઅરનું કથન છે કે 'રસ્તે ચાલતાં એકાદ કીડી પગ નીચે કચરાઇ જતાં તેને મરવામાં તેટલું દુઃખ થાય છે જેટલું મોટામાં મોટા માણસને થાય છે. પરંતુ એ પણ સત્ય છે કે જે મૃત્યુને કેવળ જૂના વસ્ત્ર બદલવાનું જ સમજે છે અને શ્રી કૃષ્ણનું નીચેનું કથન ધ્યાનમાં રાખે છે—

**वासांसि जीर्णानि यथा विहाय,**
**नवानि गृह्णाति नरोऽपराणि ।**

તેને મૃત્યુનો ભય નથી હોતો. લૉંગફેલો (Longfellow) કહે છે કે 'મૃત્યુ તો નથી જ. જેને આપણે મૃત્યુ કહીએ છીએ તે માત્ર સ્થાનપરિવર્તન છે. આ શરીર જ નશ્વર છે." એચ. ડબલ્યુ. બીચરે (H. W. Beecher) ઠીક કહ્યું છે કે પહેલાં ફૂલ થાય છે અને જ્યારે તે ખરી પડે છે ત્યારે તેની જગ્યાએ ફળ ઉત્પન્ન થાય છે તેવી રીતે મૃત્યુ નવીન રૂપને જન્મ આપે છે."

એટલા માટે શરીરને નશ્વર સમજવા છતાં એના ઉપર મોહ કરવો અથવા ઘમંડ કરવો તે નાદાની અને અજ્ઞાન છે. જે આ અજ્ઞાનમાં નથી પડતો તેનું કલ્યાણ થાય છે. આપણું કલ્યાણ એમાં જ રહેલું છે કે આપણે કોઇની સાથે રાગ દ્વેષ ન રાખતાં આપણા ધન બળ અથવા દારિદ્રય ઉપર સુખ દુઃખ કરવાનું છોડી દઇએ અને જીવનને તે એક ઉદ્દેશ્યની સિદ્ધિનું સાધન સમજીએ. જેથી ભગવાન શંકરે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે–

**एकं ज्ञानं नित्यमाद्यन्तशून्यं,**
**नान्यत् किंचित् वर्तते वस्तुसत्यम् ।**
**यद्भेदोऽस्मिन्निन्द्रियोपाधिना वै,**
**ज्ञानस्यायं भासते नान्यथैव ॥**

અર્થાત્ 'એક નિત્ય, આદિ અન્ત રહિત જ્ઞાન સત્ય છે. જ્ઞાન સિવાય બીજી કોઇ વસ્તુ સત્ય નથી. ઇન્દ્રિયરૂપી ઉપાધિને લઇને આ સંસારમાં જે વિભિન્નતા દૃષ્ટિગોચર થાય છે તે પણ જ્ઞાનમાં જ દેખાય છે.

એવા જ્ઞાનનું ઉપાર્જન કરવું આપણું સૌથી મહાન કર્તવ્ય છે. અને તે પ્રાપ્ત કરવા માટે સદ્‌ગુરુની શોધ કરવી જોઇએ. એના અભાવથી જ સઘળા મનથી અનર્થ થાય છે. શિવસંહિતામાં સ્પષ્ટ લખ્યું છે કે :–

**अभेदो भासते नित्यं वस्तुभेदो न भासते ।**
**द्विधा त्रिधादि भेदोऽयं भ्रमत्वे पर्यवस्यति ॥**
**यद् भूतं यच्च भाव्यं वै मूतामूर्तं तथैव च ।**
**सर्वमेव जगदिदं विवृत्तं परमात्मनि ॥**

અર્થાત્ "પરમાત્મા સંસારથી ભિન્ન નથી. કોઇ વસ્તુમાં ભેદ નથી. અને જે ભેદ પ્રતીત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે તે બ્રહ્મ છે, જે થયું છે અને જે થશે, જે મૂર્તિમાન છે અને જે અમૂર્ત છે. તે સઘળું પરમાત્મા જાણી શકે છે.' એવું પરમ જ્ઞાન થઇ જવાથી સઘળા ભાવભેદ છૂટી જાય છે. બધી વસ્તુઓ ઇશ્વરમય થઇ જાય છે અને મનનો મોહ નષ્ટ થઈ જાય છે. એવા જ્ઞાનના ઉપાર્જનમાં જ આપણું મહાન કલ્યાણ રહેલું છે.

# વર્તમાન સમાચાર.

## પંજાબ વિહાર

પૂ. પા. આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મ. પોતાની પંન્યાસ સમુદ્રવિજયજી આદિ શિષ્ય-મંડલી સહિત નકોદરથી વિહાર કરી શ્રીશંકર આદિમાં ધર્મોપદેશ આપતાં જાલંધર શહેર પધાર્યા. શ્રીસંઘે ભાવભીનું સ્વાગત કર્યું હતું.

આચાર્યશ્રીજી પર વારણા કર્યા !

વસંતપચમીના દિવસે નાંદ મંડાવી પંન્યાસજીએ સાધ્વીજી શ્રીદર્શનશ્રીજીને માંડલિયા યોગમાં પ્રવેશ કરાવ્યો અને લાલા તીર્થરામ સન્જેડે (યુવાનાવસ્થામાં) અને લાલા બનારસીદાસજીએ ચતુર્થવ્રત તેમજ નવ દશ બેનોને વીસસ્થાનક ઓલી આદિ ઉચ્ચરાવ્યાં. બપોરે સમારોહથી પૂજા-પ્રભાવના થયાં,

છઠે આચાર્યશ્રીજી આદિ ચતુર્વિધસંઘે હોશીયાર-પુર તરફ પ્રયાણ કર્યું. શહેર બહાર લાલા બાલમુકુન્દ-જીના બંગલે આચાર્યશ્રીજીએ માંગલિક સંભળાવ્યું.

ઝંડુસિંગા, આદમપુર, માંડવલિયામાં ધર્મપ્રચાર કરતા પીપલાવાલા પધાર્યા.

દશમે સામૈયાપૂર્વક હોશીયારપુરમાં પ્રવેશ થયો, આચાર્યશ્રીજીએ જૈનધર્મની મહત્તા વિષે વ્યાખ્યાન આપ્યું.

અગીયારસે સંક્રાંતી હોવાથી અગીયારસના નવ વાગતા આચાર્યશ્રીજીએ મહામંગલકારી સ્તોત્રો સંભળાવવાપૂર્વક ફાલ્ગુન સંક્રાન્તીનું નામ સંભળાવ્યું.

મહા વદિ પાંચમે આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં નાંદ મંડાવી સાધ્વીજી શ્રીદર્શનશ્રીજીને વડીદીક્ષા આપવામાં આવી. પંડિત લાલા મુન્શીરામજી, લાલા ઇશ્વર-લાલજી, લેખોખીરામજી આદિ વીસેક ભાઇ બાઇએ વીસસ્થાનક ઓલી આદિ વિવિધ વ્રતોચ્ચારણ કરાવ્યાં. આચાર્યશ્રીજીએ પંચ મહાવ્રત પાલન સંબંધમાં મહત્વશાલી ઉપદેશ આપ્યો. બપોરે વીસસ્થાનક પૂજા ભણાવવામાં આવી.

મહા વદિ સાતમે વિહાર કરી ગઢવાલાદિમાં ધર્મ પ્રચાર કરતાં કરતાં આચાર્યશ્રીજી અમૃતસર પધારશે. આવતી સક્રાન્તી ત્યાં થવા સંભવ છે.

# સ્વીકાર-સમાલોચના

૧ **ગુજરાતણોની શારીરિક સંપત્તિ**—લેખક રણજીત પટેલ. ગુજરાતની નારીની શરીરસંપત્તિ ઊંચી કક્ષાએ કેમ આવે તે માટેના નિબંધરૂપે આ ગ્રંથ છે, સ્ત્રીઓના સ્વાસ્થ્ય જેવા સમગ્રને સ્પર્શતા વિષયો ઉપર હજી આપણું લક્ષ ગયું નથી. આ લઘુ ગ્રંથમાં તેના માટેના ઉપયોગી વિષયો લેખકે ચર્ચ્યા છે તે ખાસ પઠન કરવા જેવા છે.

૨ **પરિણીતા**—શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય મૂળ લેખક, અનુવાદક નાનાલાલ પારેખ. આ તેની ત્રીજી આવૃત્તિ મૂળ લેખકની કળાકાર કૃતિ જણાવે છે. આ નાની નવલકથા બહુ જ લોકપ્રિય થઇ પડેલ છે. આ વાર્તાના પાત્રોના સ્વભાવોનું વિવિધપણું અને ગુંથણીમાં મૂળ લેખકે વિશિષ્ટ વિદ્વત્તા બતાવી છે. આવા આવા પુસ્તકો ગુજરાતીમાં અનુવાદ કરાવી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે આ બંને ગ્રંથો આવી સખ્ત મોંઘવારીના વખતમાં વાંચવાના શોખીનોની આવશ્યકતા પૂરી પાડી છે અને જે લેખકોને સહાય-રૂપ છે જે એક સાહસ જ ગણી શકાય. આવા પુસ્તકો ઘરમાં અવશ્ય વસાવવાની ભલામણ કરીએ છીએ. કિંમત એક રૂપીયો. મળવાનું સ્થળ અમદાવાદ, ગાંધી રોડ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ **ઇતિહાસની કેડી**—લેખક શ્રીયુત ભોગીલાલ જે. સાંડેસરા. લેખક તરફથી ભેટ મળી છે. કીં. રૂા. ૩-૮-૦

૪ **શ્રી વાસ્તુસાર પ્રકરણમ**—પ્રકાશક શ્રી ચંદનસાગર જ્ઞાનભંડાર વેજલપુર. બી. સી. બ્રધર્સ હે. સહીપુરા સુરતથી ભેટ મળી છે. જૈન જ્ઞાનભંડાર તથા ક્રિયા કરાવનાર વિગેરેને પોસ્ટેજના રૂા. ૦-૨-૦ સુરત મોકલ્યાથી ભેટ મળશે. કીં. ૦-૧૦-૦

**૫ વર્ધમાનતપ પદ્યાવલી** તથા **આત્મશિક્ષાભાવના**

પૂ. આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. ના શિષ્ય મુનિ નેમવિજયજી મ.ના ઉપદેશથી પ્રકાશિત થએલ પુસ્તિકામાં ઉપરોક્ત સૂરિજી મ. કૃત વર્ધમાન તપના દુહાઓ, ચૈત્યવંદનો, સજ્ઝાયો, સ્તવનો, સ્તુતિઓ, થોયો તેમજ વિધિ અને પ્રાચીન મુનિપ્રવરશ્રી પ્રેમવિજયજી મ. કૃત આત્મશિક્ષા ભાવના આદિનો સમાવેશ કરવામાં આવ્યો છે. એક આનાની ટીકીટ મોકલનારને ગાંધી મંગુલાલ નેમચંદ હે. જુની બજાર. મુ. ઇડર. એ. પી. રેલ્વે એ સરનામેથી ભેટ મળશે.

**૬ શ્રી દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ સંગ્રહણી**

શ્રુતસ્થવિર શ્રીમદ્ આનંદસાગરસૂરિવિરચિત-૨૨૩ ગાથા અને પ્રાકૃત ભાષામાં રચેલી અને શ્રી ચંદનસાગર મહારાજે શોધેલું અતિ પ્રાચીન પ્રત મળી છે. પ્રકરણોના અભ્યાસી માટે ઉપયોગી છે. ભેટની બુક હશે ત્યાં સુધી પોસ્ટખર્ચ મોકલવાથી ખપીને ભેટ મળશે. પછી આઠ આઠ આનાની કિંમતે મળશે પ્રકાશક ચંદનસાગર જ્ઞાનભંડાર વેજલપુર (પંચમહાલ)

**૭/૯ (૧) પ્રભુના પંથે (૨) મનુષ્ય જીવનની સફળતા (૩) સંતસમાગમઃ**-લેખક એદલ નસરવાનજી ખરાસ. દરેકની કિં. ૦-૧૨-૦ લેખક તરફથી મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મારફત ભેટ મળી છે.

૧૦ **વેરનો વિપાક**-પ્રકાશક જૈનઓફિસ-ભાવનગર કીં રૂ. ૨-૮-૦ પ્રકાશક તરફથી ભેટ મળી છે.

૧૧ **મહાત્મા હંસરાજ**—લાલા કેશોરામ કીં. ૨-૦-૦ પ્રકાશક તરફથી ભેટ મળી છે.

૧૨/૧૪ કાલકાચાર્ય **કથાસંગ્રહ, બુધીસ્ટ ધરણી વરશી** ઉ બાઈ **જૈન** તથા **ચિત્રસેન પદ્માવતી** ચરિત્ર, શ્રી જૈન વિદ્યાભવન લાહોરથી ભેટ મળી છે.

---

# શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

( રાગ-જેવી કરે છે કરણી. )

પદ્મ પ્રભુ કા શરણા, છોડાવે જન્મ મરણા,
કરે કર્મકા વિખરણા, છોડાવે જન્મ મરણા-ટેક.

પ્રભુ તું બના નિરાગી, મૈં તો રહ્યા સરાગી;
મમતા હૃદયમેં જાગી, કહાંસે હોવેગા તરણા.
પદ્મ.—૧

વીતરાગ દેવ પાયા, ચરણોમેં શિર ઝુકાયા;
ચિત્ત દર્શ મેં લગાયા, કર્મો કા હોગા હરણા.
પદ્મ.—૨

પ્રભુ તું હે શિવગામી, અક્રોધી ને અકામી;
દેખી કછું ન ખામી, સેવું સદાય ચરણા.
પદ્મ.—૩

સૂરિ **અજિત** પામી, સેવામેં પ્રીત જામી;
**લક્ષ્મીસાગર** કે સ્વામી, જીવન શુદ્ધ કરણા.
પદ્મ.—૪

રચયિતા—
**મુનિશ્રી લક્ષ્મીસાગરજી**
અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાલતી તેને પ્રાધાન્યપણું આપી રચેલા આ કાવ્યો છે. આ કાવ્યોના કર્તા કવિઓની પ્રતિભા પણ તેમાં તરી આવે છે.

આ ગ્રંથમાં કાવ્યો, તથા રાસોના ગુજરાતી ભાષામાં સાર, કર્તા મહાશયો કયા કયા ગચ્છના હતા તે, તેમજ તેઓશ્રીના ગચ્છોના નામો, ગ્રહસ્થોના નામો તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે. ૫૦૦ પાંચસોહ કરતાં વધારે પાના છે. કિંમત રૂ. ૨-૧૨-૦, પોસ્ટેજ અલગ.

---

## શ્રી કુમાર વિહાર શતક ગ્રંથ.

### શ્રી રામચંદ્ર ગણિ કૃત મૂળ અને સુધાભૂષણ ગણિ કૃત અવચૂરિ અને તેનો ગુજરાતીમાં ભાવાર્થ વિશેષાર્થ સહિત.

તેરમા સૈકામાં રસ અને અલંકારના ચમત્કારથી વિભૂષિત અસાધારણ નૈસર્ગિક આ ખંડકાવ્યની રચના થયેલી છે. પરમાર્હત કુમારપાળ મહારાજાએ પાટણમાં પોતાના પિતા ત્રિભુવનપાળના નામથી બનાવેલ શ્રી કુમાર વિહાર જૈન મંદિર અને આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે પ્રતિષ્ઠા કરેલ શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિરૂપ આ કાવ્યની રચના હોવા સાથે તે મંદિરનું ચમત્કારિક વર્ણન આપેલ છે. તે મંદિરમાં અને મુખ્ય પ્રાસાદની અંદર ૧૨૫ અંગુલ ચન્દ્રકાન્ત મણીની પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા હતી. સર્વ કળશો અને સ્તંભો સુવર્ણના હતા. એકંદરે તે જિનમંદિર ૯૬ ક્રોડ દ્રવ્ય ખરચી કુમારપાળ મહારાજે બંધાવ્યું હતું. તેનું વર્ણન છે. કાવ્યની રચના સાથે તેનું ગુજરાતી ભાષાંતર પણ આપવામાં આવ્યું છે. ૨૫૦ પાનાનો આ ગ્રંથ છે. કિં. રૂા. ૨-૦-૦. આર્ટપેપર ઉપર છપાયેલ છે.

---

### સ્ત્રી ઉપયોગી ચરિત્રો.

આદર્શ-જગતવંદનીય સતી શ્રી સીતાજીનું ચરિત્ર, ૨ શ્રી દમયંતી ચરિત્ર, એ મહાસતીઓના સુંદર જીવન ચરિત્ર કોઇપણ જૈન બ્હેનોને આદર્શ થવા માટે ખાસ ઉપયોગી છે. છપાવવાની યોજના વિચારાય છે, આત્મકલ્યાણની ઇચ્છાવાળા, કોઈ પણ જૈન બંધુ કે બ્હેનના ફૉટા, જીવનવૃત્તાંત આ ગ્રંથોમાં આપવામાં આવશે. યોજના ખર્ચ માટે અમોને લખી જણાવે સંતોષકારક ખુલાસો આપવામાં આવશે.

---

## ગુજરાતી ભાષાના તૈયાર થતાં ગ્રંથો.

### ૧ શ્રી વસુદેવ હિંડિ ગ્રંથ. (શ્રી સંઘદાસ ગણિકૃત ભાષાંતર.)

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબાતોને પ્રમાણિક ઠરાવવા સાદતરૂપ આ ગ્રંથનું મૂળ બહુજ પ્રયત્નપૂર્વકનું સંશોધન સદ્દગત મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય **મુનિરાજ શ્રી પુણ્યવિજયજી** મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભારતનો ઇતિહાસ તૈયાર કરવા માટે અજોડ અને બહુ જ પ્રાચીન ગ્રંથ છે. આવા બહુમૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાન બંધુ રા. રા. **ભોગીલાલ જ.** સાંડેસરા અમદાવાદવાળા પાસે તૈયાર કરાવેલ છે. કોઈ પુણ્યવાન અને સુકૃતની લક્ષ્મી પામેલ જૈન બંધુનું નામ આ ગ્રંથમાં ફૉટો અને જીવનચરિત્ર સાથે જોડાય તેમ ઇચ્છીએ છીએ. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી, અનેક જાણવાયોગ્ય વિષયો અને સુંદર કથાઓ આવેલી છે.

---

## છપાતાં ગુજરાતી ગ્રંથો.

**૨ કથારત્નકોષ.**
**૩ શ્રી સંઘપતિ ચરિત્ર.**
**૪ શ્રી મહાવીરદેવના વખતની મહાદેવીઓ.**
**૫ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.**

જે કે છપાઇ રહેતાં શુમારે બે હજાર પાનાનું સુંદર વાંચન થશે. આવી સખ્ત મોંઘવારી છતાં સભા

( અનુસંધાન ટાઇટલ પાનું ૪ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

આ ઉત્તમોત્તમ સુંદર સાહિત્યના પ્રકાશનનું કાર્ય ઉદ્દેશ પ્રમાણે કરે છે. નવા થનારા લાઇફ મેમ્બરોને લાભ લેવા જેવું છે. જલદી નામ નોંધાવો.

નાં. ૧ માં આર્થિક સહાય આપનાર બંધુઓનું જીવનચરિત્ર ફોટા સાથે આપવામાં આવશે.

---

## શ્રી તપોરત્ન મહોદધિ ( બીજી આવૃત્તિ. )
## થોડી નકલો સિલકે રહી છે.

આગમો તથા પૂર્વાચાર્યકૃત ગ્રંથોમાંથી સંશોધન કરી ૧૬૨ તપોના નામ, તેની વિધિવિધાન દરેક તપોની ક્રિયાઓ સહિતની તેના હકીકતો ગુજરાતીમાં શાસ્ત્રીય ટાઇપથી પ્રતાકારે શુમારે ૧૭ ફોર્મ સુમારે બશેંહ પેજમાં છપાઇ તૈયાર થઈ ગયેલ છે. કિંમત લેઝર પેપરના રૂા. ૨-૮-૦ ગ્લેઝડ પેપરના રૂા. ૨-૦-૦

---

## દેવાધિદેવ શ્રીતીર્થંકર ભગવાનોના સુંદર ચરિત્રો.

નીચેના ગ્રંથોની માત્ર થોડી કોપીયો સિલકે છે. ફરી તે પણ છપાઇ શકે તેમ નથી, જલદી લાભ લેવા જેવું છે—

૧ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર (બીજો ભાગ) રૂા. ૨-૮-૦ ૩ શ્રી વિમળનાથ ચરિત્ર રૂા. ૨-૦-૦
૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર રૂા. ૨-૦-૦

---

## સત્ત્વશાળી અને આદર્શ પુરુષોના ચરિત્રો.

શ્રી સુમુખ નૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા (સચિત્ર) ૧-૦-૦ શ્રી જૈન નરરત્ન "ભામાશાહ" ૨-૦-૦ શ્રી પૃથ્વીકુમાર ( સુકૃતસાગર ) ચરિત્ર ૧-૦-૦ શ્રી સમરસિંહ ચરિત્ર શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર ૦-૪-૦ શ્રી કર્માશાહ ચરિત્ર શત્રુંજયનો સોળમો ઉદ્ધાર ૦-૪-૦ શ્રી કલિંગયુદ્ધ અને મહારાજા ખારવેલ ૦-૧૨-૦ શ્રી વિજયાનંદસૂરિ ૦-૮-૦. દરેક ગ્રંથ પ્રભાવશાળી મહાન નરરત્નના ચરિત્ર સાથે ખાસ મનન કરવા જેવા, ઉપદેશક અને સાદી અને સરળ ભાષામાં, સુંદર ટાઇપ, આકર્ષક બાઇન્ડીંગ અને ઉંચા કાગળોમાં પ્રગટ થયેલ છે. પોસ્ટેજ સર્વનું અલગ.

---

### શ્રી ચારિત્ર રત્ન ગણિ-વિરચિત—
## શ્રી દાનપ્રદીપ—

પંદરમા સૈકામાં ૬૬૭૫ શ્લોક પ્રમાણ રચેલા આ ગ્રંથનું આ સુંદર અને સરલ ગુજરાતીભાષાંતર છે.

**જિનાગમરૂપી અગ્નિ પાસેથી વિવિધ પ્રકારના અર્થરૂપી તેજને ગ્રહણ કરી જિન શાસનરૂપી ઘરમાં દાનરૂપી દીવાને** પ્રગટ કરવા, આ ગ્રંથની બાર પ્રકાશમાં રચના કરી છે. દાનના અનેક ભેદો-પ્રકારો, તેના આચારોનું વર્ણન અને તે ઉપર દાનવીરોના ઉત્તમ ૪૨ સુંદર મનન કરવા યોગ્ય સુંદર ચરિત્રો-સુંદર કથાઓ સાથે આપવામાં આવેલ છે. સાથે દેશથી અને સર્વથી દયાનું વિવેચન, દાનના ગુણો અને દોષોનું વર્ણન વગેરે હકીકત વિસ્તારથી આપેલ છે. જીવનને સન્માર્ગદર્શક, પિતા પેઠે સર્વ ઇચ્છિત આપનાર, માતાની પેઠે સર્વ પીડા દૂર કરનાર, મિત્રના પેઠે હર્ષ વધારનાર, મહા મંગળરૂપ, આત્મજ્ઞાનની ભાવનાઓ સ્ફુરિત કરનાર, નિર્મળ સમ્યક્ત્વ, શ્રાવકત્વ, પરમાત્મત્વ પ્રગટ કરાવનાર દેદીપ્યમાન દાનધર્મરુપી દીવો જિન પ્રવચનરુપી ઘરને વિષે ચોતરફ પામી અનેક જીવોને મોક્ષ પ્રાપ્ત કરાવે છે. એકંદરે આ અપૂર્વ ગ્રંથ નિરંતર પઠન પાઠન કરવા જેવો છે. ૫૦૦ પાનાનો ઉંચા પેપર ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાયેલ છે. કિં. રૂા. ૩-૮-૦ પોસ્ટેજ જુદું.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only